મહર્ષિ દયાનંદ

લેખક

સ્વામી વિધાનંદ સરસ્વતી

અનુવાદક - સંપાદક

ભાવેશ મેરજા

પ્રકાશક

વાનપ્રસ્થ સાધક આશ્રમ

આર્ય વન, રોજડ (ગુજરાત)

ओ३म्

મહર્ષિ દયાનંદ

મારી નજરે

લેખક

સ્વામી વિદ્યાનંદ સરસ્વતી

અનુવાદક - સંપાદક

ભાવેશ મેરજા

દ્વિતીય ગુજરાતી (સંશોધિત) સંસ્કરણ : વૈશાખ ૨૦૬૪ – એપ્રિલ ૨૦૦૭

રૂા. ૫-૦૦

પ્રકાશક

વાનપ્રસ્થ સાધક આશ્રમ

આર્ય વન, રોજડ, પો. સાગપુર

જિ. સાબરકાંઠા, પિન - ૩૮૩૩૦૭

ફોન : (૦૨૭૭૪)૨૭૭૨૧૭, (૦૨૭૭૦)૨૮૭૪૧૭

E-Mail: darshanyog@icenet.net

Website: www.darshanyog.org

પ્રાક્કથન

વિશ્વના લેખકો, ચિંતકો અને વિદ્વાનોએ મહર્ષિ દયાનંદનું વિભિન્ન દષ્ટિકોણોથી મૂલ્યાંકન કર્યું છે. શ્રી અરવિંદ ઘોષે દયાનંદના નામ સાથે કોઈ જ વિશેષણ નથી લગાડ્યું. તેમનું કહેવું છે કે દયાનંદ વિશેષણાતીત છે - વિશેષણોથી પર છે. Dayananda was Dayananda. હા, તેમણે દયાનંદને મહાપુરુષોની પર્વતમાળાના સર્વોચ્ચ શિખર તથા વેદોના નિર્દોષ ભાષ્યકાર રૂપે જરૂર જોયા. ફ્રેંચ લેખક રોમે રોલાંએ દયાનંદને માનવમાત્ર માટે વેદોનાં દ્વાર ખોલનારા કહ્યા. પ્રો.મેક્સમૂલરે તેમના વેદજ્ઞાનની દિલ ખોલીને પ્રશંસા કરી. ઈંગ્લૅન્ડના વડાપ્રધાન રામસે મેકડોનાલ્ડે તેમને વીર મિશનરી કહ્યા. થિયોસૉફિકલ સોસાયટીના સ્થાપક કર્નલ ઓલ્કૉટે તેમને ઉચ્ચ કોટિના યોગી કહ્યા. બંગાળના મહાન લેખક દેવેન્દ્રનાથ મુખોપાધ્યાયે તેમને આદર્શ બ્રહ્મચારી, મૂર્તિપૂજાના મહાવિરોધી અને વૈદિક સંસ્કૃતિના પુનરુદ્ધારક કહ્યા. કૉંગ્રેસનો ઈતિહાસ લખનાર અનંતશયન આયંગરે તેમને રાષ્ટ્રપિતામહ કહ્યા.

મહર્ષિ દયાનંદમાં ફક્ત ઉપરોક્ત ગુણો જ ન હતા; તેમનામાં બીજા પણ અનેક ગુણો હતા. તેઓ ગુણોનો ભંડાર હતા. તેઓ પરમ યોગી, મહાન વેદજ્ઞ, અપૂર્વ સમાજસુધારક, અછુતોદ્ધારક, સ્ત્રી-જાતિના હિતૈષી, પરમ ગૌભક્ત, રાષ્ટ્રભક્ત, સ્વદેશપ્રેમી, વૈદિક સંસ્કૃતિ અને સભ્યતાના પરમ ઉપાસક અને ઉન્નાયક, વિધવાઓ અને અનાથોના બેલી, શાસ્ત્રાર્થ-મહારથી, સિદ્ધહસ્ત લેખક, કવિ તથા સમાલોચક હતા. આથી જ ભિન્ન-ભિન્ન વિદ્વાનોએ તેમને ભિન્ન-ભિન્ન દષ્ટિકોણોથી જોયા છે.

સ્વામી વિદ્યાનંદજી આર્યજગતના મનીષી વિદ્વાન છે. તેઓ ચિંતક અને વિચારક પણ છે. વર્ષો સુધી તેમણે મહર્ષિ દયાનંદના ગ્રંથોનું ગંભીર મંથન કર્યું છે. આ નાનકડા પુસ્તકમાં તેમણે પોતાના દષ્ટિકોણથી દયાનંદને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. આશા છે કે જે કોઈ આ પુસ્તક વાંચશે તેના હૃદયમાં મહર્ષિ દયાનંદનું ગૌરવ જરૂર અંકિત થઈ જશે.

- સ્વામી જગદીશ્વરાનંદ સરસ્વતી

મહર્ષિ દયાનંદ - મારી નજરે

વેદ-ઉદ્ધારક

: ૧ :

શરીરની બનાવટ જોતાં બધા જ માણસો આપણને એક જેવા જણાય છે. પરંતુ તેમ છતાં દરેક માણસમાં કોઈ ને કોઈ વિલક્ષણતા જરૂર રહેલી હોય છે. આવી વિલક્ષણતાને કારણે જ તેની આગવી ઓળખ ઊભી થતી હોય છે. આવી વિલક્ષણતા મોટે ભાગે અવ્યપદેશ્ય - શબ્દનિરપેક્ષ હોય છે. આપણે તેનો અનુભવ તો કરી શકીએ છીએ, પરંતુ બીજાઓને શબ્દો દ્વારા તેનો બોધ કરાવી શકતા નથી. શબ્દનિરપેક્ષ હોવાથી તે અવ્યપદેશ્ય હોય છે. દયાનંદને સમગ્રતાથી જોવાનું અને શબ્દોના માધ્યમથી બીજાઓને તેનો યથાર્થ ચિતાર આપવાનું કાર્ય મારા જેવા અલ્પમતિ અને સાધારણ માણસ માટે સંભવ નથી. ભગવદ્પાદ દયાનંદના વ્યક્તિત્વ અને કૃતિત્વ વિશે કંઈક કહેવું એ મારું દુ:સાહસ જ કહેવાશે - એક કીડીની માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવાની કલ્પના સમાન ! 'સ્વાન્તઃ સુખાય' લખવામાં આવેલા આ નિબંધના સંદર્ભમાં મારી આવી જ સ્થિતિ છે.

કોઈ પણ વ્યક્તિમાં જોવા મળતાં તમામ લક્ષણોમાંથી સહુમાં જોવા મળતાં લક્ષણોને બાદ કર્યા પછી જે કાંઈ શેષ બચે છે, તેને જ તે વ્યક્તિની લાક્ષણિકતા અથવા વિલક્ષણતા કહેવામાં આવે છે. તેના થકી જ તેની ઓળખ થતી હોય છે. એ જ તેનું વ્યક્તિત્વ (Personality), અને એ જ તેની આગવી ઓળખ (Identity) છે.

દયાનંદની આવી આગવી ઓળખ શી છે ? દયાનંદનું જીવન બહુઆયામી છે. પરંતુ તેમની આગવી ઓળખ તો ફક્ત એ જ વાતથી થઈ શકશે, જે તેમની કક્ષાના અન્ય મહાપુરુષોમાં જોવા મળતી ન હોય. એ વાતમાં કોઈ શંકા નથી કે સમાજસુધારણાના ક્ષેત્રે દયાનંદે પ્રશંસનીય કાર્ય

કર્યું છે. પરંતુ એ કાર્ય તો કબીર, નાનક, રામમોહનરાય, મહાદેવ ગોવિંદ રાનડે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જ્યોતિબા ફુલે અને કેશવચંદ્ર સેન જેવા અનેક મહાપુરુષોએ પણ પોતપોતાના સ્તર પર કર્યું છે. હિંદી ભાષાના પ્રચાર-પ્રસાર તેમ જ સાહિત્ય-સર્જનના ક્ષેત્રે દયાનંદના જ સમકાલીન એવા ભારતેન્દુ હરિશ્ચંદ્ર, શ્રદ્ધારામ ફિલ્લોરી, રાજા લક્ષ્મણસિંહ અને નવીનચંદ્ર રૉય વગેરેએ ઘણું જ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. દેશના સ્વાતંત્ર્ય માટે અનેક લોકોએ પોતાનું સર્વસ્વ હોમી દીધું છે. રામાયણ, ઉપનિષદ્, ગીતા, દર્શન અને વ્યાકરણ વગેરેના અનેક આચાર્યો થઈ ગયા છે, જેમણે આ મહાન ગ્રંથો ભણવા-ભણાવવાનું તેમ જ તેની પર વિદ્વત્તાપૂર્ણ ટીકાઓ લખવાનું અવિસ્મરણીય કાર્ય કર્યું છે. માટે આ પ્રકારનાં કાર્યોથી દયાનંદની ઓળખ થઈ શકે તેમ નથી. હા, એક વાત જરૂર એવી છે કે જે છેલ્લાં પાંચ હજાર વર્ષમાં ન તો અગાઉ કોઈએ કહી છે, અને ન તો આજે પણ કોઈ એ વાત કહે છે. એ વાત છે : **'વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદ ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.'** વેદ પ્રત્યેની આ દૃષ્ટિ જ મારી દૃષ્ટિએ દયાનંદની વિલક્ષણતા છે, અને આ જ તેમની ખરી ઓળખ છે. જો તેમના જીવનમાંથી આ વેદ સંબંધી વાતને અલગ કરી દેવામાં આવે, તો તેઓ અન્ય સમાજસુધારકોમાંના એક બનીને રહી જાય છે. માટે દયાનંદની સાચી ઓળખ એ જ વાતને કારણે છે, જે તેમણે વેદોના સંબંધમાં કહી અથવા કરી અને જેને કારણે તેઓ મહર્ષિ કહેવાયા.

: ૨ :

મહાભારતના યુદ્ધના લગભગ બે હજાર વર્ષ અગાઉથી જ વેદો વિશે ભ્રાંતિઓ ઉત્પન્ન થવા માંડી હતી. પરંતુ તે સમયના ઋષિઓની સાવધાનીને લીધે આવી ભ્રાંતિઓનો ખાસ ફેલાવો થઈ શક્યો ન હતો. ત્યાર બાદ થોડા સમય સુધી મહર્ષિ વેદવ્યાસ અને તેમની શિષ્ય પરંપરા વૈદિક જ્ઞાનને તેના સ્વરૂપમાં સુરક્ષિત રાખવા માટે પ્રયત્નશીલ રહ્યાં. જૈમિનિ વેદવ્યાસના સાક્ષાત્ શિષ્ય હતા. કદાચ આથી જ દયાનંદે પોતાના ગ્રંથોમાં અનેક સ્થાને

'બ્રહ્માથી લઈ જૈમિનિ મુનિ પર્યંત' એવા શબ્દોનો પ્રયોગ કર્યો છે. આજે વૈદિક વાઙ્મયના જે કોઈ મહત્ત્વપૂર્ણ ગ્રંથો ઉપલબ્ધ છે, એ બધા તે કાળના છે. આ સ્થિતિ જેમ-તેમ કરીને મહાભારતના યુદ્ધ બાદ સો-બસો વર્ષ સુધી જળવાઈ રહી. ત્યાર બાદ વૈદિક યુગ એકદમ જ અસ્ત થવા માંડ્યો અને તેનું પરિણામ એ આવ્યું કે, માનવજાતિ સેંકડો મત-સંપ્રદાયોમાં વિભક્ત થઈ ગઈ. સાયણાચાર્ય પહેલાંના આચાર્યોએ કરેલા વેદાર્થોનું અવલોકન કરવાથી એવું પ્રતીત થાય છે કે, યાસ્ક જેવા આપ્ત ઋષિઓની વેદાર્થ પરંપરા થોડાઘણા અંશે એ આચાર્યો સુધી ટકી રહી. પરંતુ મધ્યયુગ સુધી પહોંચતા સુધીમાં તો વેદોનું પ્રયોજન ફક્ત દ્રવ્યમય યજ્ઞોના અનુષ્ઠાન પૂરતું જ મર્યાદિત બનીને રહી ગયું. વેદાર્થની આર્ષ પરંપરા આ જ રીતે ધીરે ધીરે હ્રાસ અભિમુખ થઈને લુપ્તપ્રાય થઈ ગઈ.

: ૩ :

શતાબ્દીઓ સુધી વૈદિક સાહિત્ય યાજ્ઞિક ધરીની ચારે બાજુ ઘૂમતું રહ્યું. સાયણના સમય (ઈસુની ૧૪મી સદી) સુધીમાં તો એવી હાલત થઈ ગઈ કે, આધ્યાત્મિક તત્ત્વોનું સ્પષ્ટ નિરૂપણ કરતા વેદમંત્રોને પણ પકડી-પકડીને જબરદસ્તીપૂર્વક યજ્ઞ પ્રક્રિયામાં ઘુસાડવામાં આવ્યા. પરિસ્થિતિ ત્યાં સુધી બગડી કે શતપથ-બ્રાહ્મણ જેવા વેદ-વ્યાખ્યાન ગ્રંથોમાં પ્રક્ષેપ કરી તેને દૂષિત કરવાના પ્રયાસો પણ થવા માંડ્યા. માંસભક્ષણ, મદિરાપાન, પશુબલિ અને ગુપ્તેન્દ્રિય-પૂજન જેવી અનેક આસુરી દુષ્પ્રવૃત્તિઓ બ્રાહ્મણ-ગ્રંથોમાં પાછળથી ઘુસાડવામાં આવી, અને આવી માન્યતાઓને વેદોના નામે સમર્થન મળી રહે તે માટે પ્રક્ષેપકર્તાઓએ આ બ્રાહ્મણ-ગ્રંથોને જ 'વેદ'ની સંજ્ઞા ધરી દીધી.

'રાજા કાલસ્ય કારણમ્' અર્થાત્ શાસન-વ્યવસ્થાનો પ્રભાવ નાના-મોટા સૌના પર પડે છે. સાયણ વિજયનગર રાજ્યના પ્રધાનમંત્રી હતા. એમનો યુગ યજ્ઞપ્રધાન હતો અને યજ્ઞોમાં પશુઓની બલિ ચઢાવવી અનિવાર્ય મનાતી. એ યુગમાં પ્રચલિત આવી માન્યતાઓ અને પરંપરાઓના આધારે જ સાયણાચાર્યે વેદોનું ભાષ્ય કર્યું. અને જ્યારે સાયણાચાર્યના મનમાં એ ધારણા બેસી ગઈ કે **'વેદા યજ્ઞાર્થં પ્રવૃત્તાઃ'** અર્થાત્ વેદમંત્રો યાજ્ઞિક

પ્રક્રિયાનું જ પ્રતિપાદન કરે છે, ત્યારે તેઓ પોતાનો સમસ્ત બૌદ્ધિક વૈભવ યાજ્ઞિક પ્રક્રિયા અર્થે સમર્પિત કરી દે તે સ્વાભાવિક હતું. વેદાર્થની ત્રિવિધ પ્રક્રિયામાં યાજ્ઞિક પ્રક્રિયા પણ એક છે અને તદનુસાર પણ મન્ત્રાર્થ કરી શકાય છે. પરંતુ સાયણાચાર્યે અગાઉના આચાર્યોની વેદાર્થ પરંપરાનો બિલકુલ પરિત્યાગ કરી વેદમંત્રોના ફક્ત યાજ્ઞિક પ્રક્રિયાપરક અર્થો જ કર્યા. અથર્વવેદના નવમા કાંડના ચોથા સૂક્તમાં ચોવીસ મંત્રો છે. તેમાં ગૌવંશની ઉન્નતિ અને તેના ખેતીમાં ઉપયોગ સંબંધી અનેક વાતો કહેવામાં આવી છે. તેમાં ખાસ કરીને ઉત્તમ કોટિનાં વાછરડાં ઉત્પન્ન કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ સાયણ વગેરે ભાષ્યકારોએ વેદના આ સૂક્તનો અર્થ બળદને મારીને તેના માંસથી હોમ કરવો એવો કર્યો છે. આ સૂક્તના ચોથા મંત્રમાં બળદને **'પિતા વત્સાનાં પતિરઘ્ન્યાનામ્'** અર્થાત્ 'ઉત્તમ વાછરડાંનો પિતા અને ગાયોનો પતિ' બતાવી **'ત્વષ્ટા રૂપાણાં જનિતા પશૂનામ્'** અર્થાત્ 'સુંદર - સુડોળ સંતાનો ઉત્પન્ન કરનાર' અને **'આજ્યં બિભર્તિ ઘૃતમસ્ય રેતઃ'** અર્થાત્ 'ઘી-દૂધના ઘડા ભરનાર' કહ્યો છે. જ્યારે કોઈને ત્યાં ઉત્તમ પ્રકારનો વાછરડો પેદા થાય તો એ વાછરડો રાષ્ટ્રને સમર્પિત કરી દેવો જોઈએ કે જેથી તે ઉત્તમ સાંઢ થઈ ગામ કે નગરની શ્રેષ્ઠ ગાયોથી શ્રેષ્ઠ ઓલાદ ઉત્પન્ન કરી શકે. મંત્રગત **'જુહોતિ'** ક્રિયાની **'હુ'** ધાતુનો અર્થ દાન પણ થાય છે. **'પ્રકરણશ એવ તુ નિર્વક્તવ્યાઃ'** યાસ્કના આ નિર્દેશ અનુસાર નિર્વચન (Interpretation) પ્રકરણ અનુકૂળ જ થવું જોઈએ. ખેતીના પ્રસંગમાં **'હુ'** ધાતુનો 'દાન' અર્થ જ સંગત થાય છે. કાપી કાઢીને હોમ કરવામાં આવેલા બળદથી ન ખેતી થઈ શકશે અને ન તો તેના દ્વારા ઘી-દૂધની પ્રાપ્તિ પણ થઈ શકશે. પરંતુ કર્મકાંડના ચક્કરમાં પડી જવાથી સાયણે પોતાના ભાષ્યમાં વેદાર્થ-વિષયક મૂળભૂત સિદ્ધાંતોની અવહેલના કરી આગળ-પાછળના પ્રસંગનો જરાય વિચાર કર્યા વિના - એટલી હદે કે વેદમાં ગાયની એક સંજ્ઞા **'અઘ્ન્યા'** અર્થાત્ 'જે હિંસા કરવા યોગ્ય નથી' છે, એ વાતની બિલકુલ ચિંતા કર્યા વિના - આ મંત્રોના હોમપરક અર્થ કરી બળદનાં વિભિન્ન અંગોને કાપી-કાપીને આગમાં ઝોંકવાનું વિધાન કર્યું.

ઋગ્વેદમાં સંતપ્ત હૃદયોની આંતરિક જ્વાળાને શાંત કરી આત્મસમર્પણ દ્વારા પ્રભુ-પ્રેમમાં અસીમ આસ્થાનું અનેરું દૃશ્ય ઉપસ્થિત કરતો એક અત્યંત હૃદયગ્રાહી મંત્ર છે : **'યદઙ્ગ દાશુષે ત્વમગ્ને ભદ્રં કરિષ્યસિ । તવેત્તત્સત્યમઙ્ગિરઃ ॥'** (ઋ.૧.૧.૬) અર્થાત્ 'હે પ્રિયતમ પરમાત્મા ! શરણાગતનું કલ્યાણ કરવું એ આપનો જ અટલ નિયમ છે.' મંત્રના આવા ભાવનાસભર અર્થ તરફ જરાય દૃષ્ટિપાત કર્યા વિના સાયણ આ યજમાન માટે **'વિત્ત-ગૃહ-પ્રજા-પશુરૂપં કલ્યાણમ્'**ની પ્રાર્થના કરે છે; અને આ પ્રાર્થના પણ પરમેશ્વરને નહીં, બલ્કે જડ અગ્નિને કરે છે ! હકીકતમાં યજ્ઞપરક ઉપરોક્ત મિથ્યા ધારણાના પૂર્વાગ્રહે સાયણને વેદમંત્રોમાં છુપાયેલ અર્થો સુધી પહોંચવા જ ન દીધા.

એમાં કોઈ શંકા નથી કે સાયણે પોતાના સમયમાં વૈદિક સાહિત્યમાં મહાન પ્રયત્ન કર્યો. તેમણે વેદ, ઉપનિષદ્, આરણ્યક અને બ્રાહ્મણ-ગ્રંથો પર ભાષ્યો લખ્યાં અને બીજા અનેક વિષયો પર પણ પ્રૌઢ ગ્રંથો લખ્યા-લખાવ્યા. તેમનાં વેદભાષ્યોમાં વ્યાકરણ વગેરેનો ઉપયોગ પણ પર્યાપ્ત માત્રામાં થયેલો જોવા મળે છે. સાયણના આવા પ્રયાસો માટે આપણે તેમનો આભાર માનવો રહ્યો. પરંતુ પાયાની જ ધારણા ભ્રાંત હોવાને લીધે તેમણે પોતે જ પોતાની મહેનત પર પાણી ફેરવી દીધું. સાયણનાં ભાષ્યો વાંચ્યા બાદ મહર્ષિ કણાદના **'બુદ્ધિપૂર્વા વાક્યકૃતિર્વેદે'** (વૈશેષિક દર્શન : ૬.૧.૧) અને મહર્ષિ મનુનાં **'સર્વજ્ઞાનમયો હિ સઃ'**, **'સર્વં વેદાત્ પ્રસિધ્યતિ'** તથા **'પ્રમાણં પરમં શ્રુતિઃ'** જેવાં વેદ-માહાત્મ્ય પ્રગટ કરતાં વચનો પર કોણ વિશ્વાસ મૂકી શકે ? સાયણ વગેરેનાં આવાં ભાષ્યોએ વેદ પ્રત્યેની શ્રદ્ધાના માર્ગમાં પથ્થરની ચટ્ટાનો ઊભી કરી દીધી. વેદાર્થના ક્ષેત્રમાં ભ્રાંતિઓ ઉત્પન્ન કરી સંસારને વેદવિમુખ કરવામાં સૌથી મોટો હાથ સાયણનો છે. સાયણનું નામ વારંવાર એટલા માટે લેવામાં આવે છે કે વેદો અને બ્રાહ્મણ-ગ્રંથો પર સૌથી વધારે ભાષ્યો તેમનાં જ છે; અને એ ભાષ્યોનો આધાર લઈને બીજા લોકોએ વિવિધ ભાષાઓમાં એ ગ્રંથોના અનુવાદ વગેરેનું કાર્ય કર્યું છે.

પરંતુ શું વેદોમાં આ સાયણ અને મહીધર વગેરે ભાષ્યકારો બતાવે

છે એવું બધું જ છે ? આ પ્રશ્નનો જવાબ જો 'હા' જ હોય, તો આપણે પણ મહાત્મા બુદ્ધના સૂરમાં સૂર મેળવીને એમ કહેવા માટે વિવશ થવું જ પડશે કે આવા વેદોથી તો દૂર જ સારા; આવા વેદો અમને માન્ય નથી; અને જો આવા વેદો ઈશ્વરપ્રદત્ત હોય તો એવા ઈશ્વર પણ અમને માન્ય નથી. આવા તથાકથિત વેદાચાર્યોએ રચેલાં વેદભાષ્યોના આધારે આચરવામાં આવતાં અનિષ્ટ કૃત્યોને જોઈને ચારવાક લોકો કહી ગયા કે **'ત્રયો વેદસ્ય કર્ત્તારો ધૂર્ત-ભણ્ડ-નિશાચરાઃ'**. વેદોના નામે ફેલાવવામાં આવેલી અધાર્મિક પ્રવૃત્તિઓને કારણે જનતામાં જે પ્રતિક્રિયા થઈ તેના પરિણામે જ ચારવાક, જૈન અને બૌદ્ધ વગેરે મતો ઊભા થયા. ચારવાકોએ ઈશ્વર અને વેદોના પરિત્યાગની સાથે-સાથે આત્માની સત્તાનો પણ નિષેધ કર્યો. વેદોના નામે યજ્ઞોમાં મૂક પ્રાણીઓની હિંસા કરતા બ્રાહ્મણોને જોઈને દયાળુ મહાવીર અને બુદ્ધે પરમ ધર્મના સ્થાને અહિંસાને પ્રતિષ્ઠિત કરી. વેદોના નામે આચરવામાં આવતી હિંસા, જન્મ-આધારિત વર્ણવ્યવસ્થા, ઊંચ-નીચના ભેદભાવ, મૃતક-શ્રાદ્ધ, સ્ત્રીઓ અને શૂદ્રો પર ગુજારવામાં આવતા અમાનુષી અત્યાચારો - આ બધું સહન ન કરી શકવાને કારણે ચારવાક, જૈન અને બૌદ્ધ વગેરે લોકોએ વેદો પર ઘોર પ્રહારો શરૂ કર્યા. જનતા પણ તે સમયના વેદાનુયાયી બ્રાહ્મણોથી તંગ આવી ચૂકી હતી. આથી લોકો બુદ્ધ અને મહાવીરના ઉપદેશોથી પ્રભાવિત થઈ બૌદ્ધ તથા જૈન મતોમાં દીક્ષિત થવા લાગ્યા. વેદો પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થવાથી વૈદિક ધર્મ વિલુપ્ત થવા માંડ્યો.

: ૪ :

આવા સંજોગોમાં કુમારિલ ભટ્ટ અને શંકરાચાર્યે વેદોને પુનઃ પ્રતિષ્ઠિત કરવાનું બીડું ઝડપ્યું. એવી લોકવાયકા છે કે બૌદ્ધ લોકો દ્વારા વેદો પર કરવામાં આવતા ભીષણ પ્રહારોથી ત્રસ્ત થઈ ગયેલી એક વેદાનુયાયી રાજકુમારી પોતાના મહેલ પર ઊભી-ઊભી આંસુ સારી રહી હતી. એ રાજકુમારીના આંસુ મહેલ નીચેથી પસાર થઈ રહેલા કુમારિલ ભટ્ટ પર પડે છે. તેઓ ઉપર નજર કરે છે અને જુએ છે કે રાજકુમારી રુદન કરી રહી છે. રુદન કરવાનું કારણ પૂછવામાં આવ્યું તો રાજકુમારી બોલી : **'કિં કરોમિ ક્વ**

ગચ્છામિ કો વેદાનુદ્ધરિષ્યતિ ?' રાજકુમારીનું આવું કરુણ ક્રંદન સાંભળી તેને આશ્વસ્ત કરતા કુમારિલ ભટ્ટે ઉચ્ચ સ્વરમાં કહ્યું : **'મા બિભેષી વરારોહે ભટ્ટાચાર્યોસ્તિ ભૂતલે'** અર્થાત્ 'હે દેવી ! તું રુદન ન કર. વેદનો ઉદ્ધાર કરવા માટે આ ધરતી ઉપર ભટ્ટાચાર્ય મોજૂદ છે.' પરંતુ કુમારિલ ભટ્ટ યજ્ઞિય કર્મકાંડની પ્રતિપાદક શાખાઓ અને બ્રાહ્મણ-ગ્રંથોમાં જ અટવાઈને રહી ગયા. મૂળ વેદ સંહિતાઓનો તો તેમણે સ્પર્શ સુધ્ધાં ન કર્યો.

શંકરાચાર્ય વેદાદિ શાસ્ત્રોના નિષ્ણાત હતા. તેમની તર્કશક્તિ પણ પ્રબળ હતી. તેમણે ચારવાકો, જૈનો અને બૌદ્ધો જેવા વેદવિરોધીઓ સામે એકલા હાથે જ ટક્કર લીધી. ભારે શાસ્ત્રાર્થો થયા, પરંતુ વેદવિરોધીઓ શંકરાચાર્યના જોરદાર તર્કોનો મુકાબલો ન કરી શક્યા. ધીરે-ધીરે આ વેદવિરોધી મતોનું વર્ચસ્વ મંદ પડવા લાગ્યું. શંકરાચાર્યના સમય સુધીમાં તો વૈદિક શાખાઓ, બ્રાહ્મણ-ગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદોની પણ 'વેદ' સંજ્ઞા પ્રચલિત થઈ ચૂકી હતી. અધ્યાત્મપ્રવર શંકરાચાર્યે 'વેદાંત'ના નામે અધ્યાત્મપ્રધાન ઉપનિષદો પર અદ્વૈત મત સ્થાપિત કર્યો. અદ્વૈત મતનો આધારભૂત સિદ્ધાંત હતો : **'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'**, અને 'જગન્મિથ્યા'નો આધાર **'આદાવન્તે ચ યન્નાસ્તિ, વર્તમાનેપિ તત્તથા'** અર્થાત્ 'આ જગત ઉત્પત્તિ પહેલાં ન હતું અને પ્રલય પછી પણ નહીં રહે; માટે વર્તમાનમાં પણ નથી' - આ સિદ્ધાંત હતો, જેનું પ્રતિપાદન શંકરાચાર્યના દાદાગુરુ ગૌડપાદાચાર્યે કર્યું હતું. મૂળ વેદ સંહિતાઓનો સ્પર્શ તો શંકરાચાર્યે પણ ન કર્યો. તેમના સંપૂર્ણ સાહિત્યમાં આપણને ક્યાંય વેદોનાં દર્શન થતાં નથી. વેદોની ઉપેક્ષા તેમણે એટલા માટે કરી કે તેમના સમય સુધીમાં વેદોને ફક્ત અપરા-વિદ્યાના ગ્રંથો જ માનવામાં આવતા હતા અને વેદોનું પ્રયોજન ફક્ત કર્મકાંડ પૂરતું જ મર્યાદિત રહી જવા પામ્યું હતું. પરા-વિદ્યા અથવા જ્ઞાનકાંડના ગ્રંથોના રૂપમાં ઉપનિષદોની ગણના થતી હતી. પ્રસ્થાનત્રયી (અર્થાત્ બ્રહ્મસૂત્ર, ઉપનિષદ્ અને ગીતા)નાં જે વચનોમાં દ્વૈતવાદનું (અર્થાત્ ઈશ્વર અને જીવના ભેદનું) સ્પષ્ટ પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એ વચનોની પણ શંકરાચાર્યે અદ્વૈતપરક વ્યાખ્યા કરી.

'સર્વં ખલ્વિદં બ્રહ્મ' (છાંદોગ્ય ઉપનિષદ્)નો નારો લગાવનારા શંકરાચાર્યે **'શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ'** (ગીતા) અનુસાર મનુષ્યમાત્રને જ નહીં, બલ્કે પ્રાણીમાત્રને આત્મવત્ માનવાં જોઈતાં હતાં. પરંતુ વેદાંતદર્શનના 'અપશૂદ્રાધિકરણ'માં ફક્ત વેદ સાંભળવાના તથાકથિત અપરાધી એવા શૂદ્રના કાનમાં ધગધગતું સીસું કે લાખ ઠૂંસી દેવાનો નિર્દેશ કરીને, 'પ્રશ્નોત્તરી'માં સ્ત્રીને નરકનું દ્વાર કહીને તથા કાશીમાં રસ્તામાં સામેથી આવી રહેલી શૂદ્રાને એક તરફ દૂર હઠી જવાનો આદેશ આપીને શંકરાચાર્યે પોતાના **'મનસ્યન્યદ્વચસ્યન્યત્ કર્મણ્યન્યત્'**નું ઉદાહરણ પ્રસ્તુત કરીને **'સર્વં ખલ્વિદં બ્રહ્મ'**ની વાસ્તવિકતાનો ભેદ ખુલ્લો કરી દીધો. ડૉ. રાધાકૃષ્ણને અંગ્રેજીમાં કરેલું વેદાંતદર્શનનું ભાષ્ય શંકરાચાર્યના ભાષ્યનો અંગ્રેજીમાં અનુવાદમાત્ર છે અને એ બધી રીતે શાંકરભાષ્યને અનુકૂળ છે. પરંતુ **'શ્રવણાધ્યયનાર્થપ્રતિરોધાત્ સ્મૃતેશ્ચ'** (૧.૩.૩૮) સૂત્રના ભાષ્યમાં ડૉ. રાધાકૃષ્ણન્ શંકરાચાર્ય સાથેના પોતાના મતભેદને પ્રગટ કર્યા વગર ન રહી શક્યા. તેમણે ત્યાં લખ્યું છે : 'But the restrictions imposed with regard to Vedic study cannot be defended. If we take our stand on the potential divinity of all human beings, whatever be their caste or class, race or religion, sex or occupation, the methods for gaining release should be open to all.' અર્થાત્ 'વેદાધ્યયન પર લગાવવામાં આવેલા પ્રતિબંધોની વકીલાત અસંભવ છે. જો આપણો પક્ષ સર્વ મનુષ્યોમાં છુપાયેલી દિવ્યતા પર આધારિત હોય, તો પછી મુક્તિ મેળવવાની પદ્ધતિઓ પણ સૌના માટે ખુલ્લી હોવી જોઈએ - ભલે પછી વ્યક્તિની જાતિ, વર્ગ, વંશ, ધર્મ, લિંગ કે વ્યવસાય ગમે તે કેમ નથી.' પરંતુ શંકરાચાર્યે કલમના એક જ ઝટકે માનવસમાજના ત્રણ ચતુર્થાંશ ભાગને (સ્ત્રીઓના રૂપમાં અડધો અંશ અને શૂદ્રોના રૂપમાં બીજો ચોથા ભાગનો અંશ) વેદાધ્યયનથી વંચિત કરી દીધો; અને રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય અને નિમ્બાર્કાચાર્ય વગેરે તમામ આચાર્યોએ આંખો મીંચીને એ વાતનું સમર્થન કર્યું. આ તે કઈ રીતનો

વેદોદ્ધાર હતો ? અને આવો તે કેવો અદ્વૈતવાદ ? હકીકતમાં આ બધું આપણા આ આચાર્યોની વેદાર્થ-સંબંધી ભ્રાંતિઓને કારણે ઊભી થયેલી અવૈદિક વિચારધારાનું પરિણામ હતું.

'અહં બ્રહ્માસ્મિ'નું ભૂત સવાર થયેલું હોવાથી શંકરાચાર્ય માટે વેદ ગૌણ બની ગયા હતા અને વેદાંત મુખ્ય બની ગયું હતું. તેમના ગ્રંથોમાં શોધવા છતાં ક્યાંય વેદમંત્રો જોવા મળતા નથી તેની પાછળ આ જ કારણ જવાબદાર છે. મહર્ષિ મનુના અભિપ્રાય અનુસાર **'શ્રુતિસ્તુ વેદો વિજ્ઞેયઃ'** અર્થાત્ 'શ્રુતિ'થી વેદો (મંત્રસંહિતાઓ)નું જ ગ્રહણ થાય છે. પરંતુ શંકર 'શ્રુતિ'ના નામે બ્રાહ્મણ-ગ્રંથો, ઉપનિષદો અને સ્મૃતિ વગેરેનાં વચનો ટાંકે છે. એવું લાગે છે કે શંકરાચાર્યે અદ્વૈતમતનો સ્વીકાર ફક્ત જૈન, બૌદ્ધ વગેરે વેદવિરોધી મતોનું ખંડન કરવા માટે જ નહોતો કર્યો, બલ્કે પોતાની તર્કશક્તિના જોરે જગદ્‌ગુરુ બનવા માટે એક નવીન મત સ્થાપિત કરવો એ પણ તેમનો ઉદ્દેશ્ય હતો. આ ઉદ્દેશ્યમાં તેમને સફળતા પણ મળી. જો આમ ન હોત તો તેમના કરતાં પણ પહેલાં વેદમતને પ્રતિષ્ઠિત કરવા માટેનો પ્રયત્ન કરનારા (પરંતુ દ્વૈતવાદી) કુમારિલ ભટ્ટ સાથે શાસ્ત્રાર્થ કરવા માટે તેઓ પ્રયાગ ન પહોંચ્યા હોત.

: ૫ :

આ રીતે વેદમતના ઉદ્ધાર માટે કૃતસંકલ્પ એવા શંકરાચાર્ય પણ ઉપનિષદોથી આગળ વધી શક્યા નહીં. આવી પરિસ્થિતિમાં મનુ વગેરેનાં વેદોને સર્વ વિદ્યાઓના ભંડાર બતાવતાં **'સર્વજ્ઞાનમયો હિ સઃ'**, **'સર્વં વેદાત્ પ્રસિધ્યતિ'** અને **'નિઃસૃતં સર્વશાસ્ત્રં તુ વેદશાસ્ત્રાત્સનાતનાત્'** જેવાં વચનો નિરર્થક બનીને રહી ગયાં. હકીકતમાં કુમારિલ અને શંકરાચાર્યે પોતાના વેદોદ્ધારના કાર્યમાં **'તેભ્ય એતં તર્કમૃષિં પ્રાયચ્છન્ મન્ત્રાર્થચિન્તાભ્યૂહમભ્યૂઢમ્'** (નિરુક્ત : ૧૩.૧૨) અર્થાત્ 'મન્ત્રાર્થના સત્ય-માર્ગદર્શક, ઋષિભૂત તર્ક'નો આશ્રય ન લીધો. આથી જ તેઓ વેદમંત્રોમાં છુપાયેલા ગૂઢ અર્થો સુધી પહોંચી ન શક્યા, અને ન તો વેદોને મનુષ્ય માટે અપેક્ષિત સંપૂર્ણ જ્ઞાનના ભંડાર રૂપે પ્રસ્તુત કરી શક્યા. પાંચ હજાર વર્ષો બાદ પ્રજ્ઞાચક્ષુ ગુરુ વિરજાનંદની

પ્રેરણાથી પ્રાપ્ત આ દિવ્યાસ્ત્રનો પ્રયોગ કરી સંસારમાં ફેલાયેલા અજ્ઞાન-અંધકારને દૂર કરવાનું શ્રેય મહર્ષિ દયાનંદને પ્રાપ્ત થયું.

વેદોદ્ધારનું જે મહત્તમ કાર્ય મહર્ષિ દયાનંદે કર્યું તે તેમની અગાઉ કુમારિલ અને શંકરે કરેલા કાર્ય કરતાં ઘણું ક્લિષ્ટ અને કઠિન હતું; કારણ કે કુમારિલ અને શંકરે જે ચારવાક, જૈન અને બૌદ્ધ વગેરે મતોનું ખંડન કર્યું હતું તે બધા મત-સંપ્રદાયો મૂલતઃ વૈદિક તેમ જ ભારતીય હતા. પરંતુ દયાનંદના યુગમાં એ અવૈદિક મતો ઉપરાંત બીજા અનેક મતમતાંતરો બિલાડીના ટોપની જેમ ઉત્પન્ન થઈ ગયા હતા, જે હકીકતમાં અવૈદિક હતા પરંતુ પોતાને વૈદિક મતાનુયાયી કહેતા હતા. સ્વયં શંકરાચાર્ય દ્વારા પ્રવર્તિત અદ્વૈતવાદ પણ આમાંનો એક હતો. અવતારવાદ, બહુદેવતાવાદ, મૂર્તિપૂજા, જન્મ આધારિત ઊંચ-નીચના ભેદભાવ અને આવી તો બીજી અનેક અવૈદિક માન્યતાઓને કારણે સમાજ ઝડપભેર અધોગતિના માર્ગે ધકેલાઈ રહ્યો હતો. રામ અને કૃષ્ણ જે સચ્ચિદાનંદ-સ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરતા હતા, તે બ્રહ્મને છોડીને તેના ઉપાસકો સ્વયં રામ અને કૃષ્ણને જ ઉપાસ્ય માનીને તેમની જડ મૂર્તિઓને વસ્ત્ર-આભૂષણોથી શણગારી ધૂપ-નૈવેદ્ય વગેરેથી પૂજવા લાગ્યા હતા. ગીતામાં કહ્યું હતું : **'ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ'** (૧૭.૬૧) અર્થાત્ 'હે અર્જુન ! ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદયપ્રદેશમાં રહે છે.' પરંતુ ભક્તજનોએ ઈશ્વરને પોતાનાં હૃદયમંદિરોમાં બહાર કાઢી તેને શેરીઓમાં ઊભાં કરેલાં ઈંટ-પથ્થરોનાં મંદિરોમાં કેદ કરી દીધો હતો. **'વૈદિકી હિંસા હિંસા ન ભવતિ'**ની મનમાની વ્યાખ્યા કરી ઈશ્વરના નામે નિર્દોષ પશુઓ અને કોઈ કોઈ વાર તો નાનાં બાળકોની બલિ ચઢાવી તથાકથિત ભક્તો ખુશીમાં પાગલ થઈને નાચતા-કૂદતા હતા. ગુણ-કર્મ-સ્વભાવ આધારિત વર્ણવ્યવસ્થાનું સ્થાન જન્મ આધારિત દૂષિત જાતિપ્રથાએ લઈ લીધું હતું. ધાવણાં બાળકોનાં લગ્ન કરી દેવામાં આવતાં હતાં, જેના પરિણામે લાખો બાળવિધવાઓને વિવશતાપૂર્વક શ્રાપરૂપ જિંદગી ગુજારવી પડતી હતી. પુરોહિત વર્ગ પતિના મૃત્યુ બાદ પત્નીને સ્વર્ગપ્રાપ્તિનું પ્રલોભન અથવા સામાજિક દંડ અને અત્યાચારનો ડર બતાવી તેને સતીના નામે જીવતી જ આગમાં હડસેલી દેતો

હતો. બ્રાહ્મણો અનેક જાતનાં પાખંડો ઊભાં કરીને જનતાનું શોષણ કરતા હતા. તેઓ રોગોને ભૂતપ્રેતોની લીલા બતાવી એક બાજુ જનતાનું ધન લૂંટતા હતા, તો બીજી બાજુ રોગી વ્યક્તિને જરૂરી ચિકિત્સાથી વંચિત રાખી તેને મૃત્યુના મુખમાં ધકેલતા હતા. તીર્થસ્થાનો વ્યભિચારના અડ્ડાઓ બની ગયાં હતાં. **'સ્ત્રીશૂદ્રો નાધીયાતામ્'**નો મિથ્યા પ્રચાર કરી દેશની અડધાથી વધારે વસ્તીને શિક્ષણથી વંચિત કરી દેવામાં આવી હતી. આ રીતે ભારત અભણ, અણઘડ અને ગમારોનો દેશ બનીને રહી ગયો હતો; અને આ બધું વેદોના નામે થઈ રહ્યું હતું.

: ૬ :

દયાનંદના સમયમાં ઉપરોક્ત ભારતીય મતમતાંતરો તથા અવૈદિક માન્યતાઓને પોષણ આપનારાં પૌરાણિક વેદભાષ્યો ઉપરાંત મેક્સમૂલર જેવા પશ્ચિમના વિદ્વાનો પણ હતા કે જેઓ જાણી જોઈને વેદોને વિકૃત રૂપે રજૂ કરવા માટે કટિબદ્ધ હતા. આપણે જેમ વેદોને કંઠસ્થ કરનારા દક્ષિણના બ્રાહ્મણોના ઋણી છીએ તેમ પશ્ચિમના વિદ્વાનોના પણ ઋણી છીએ; કારણ કે જેમ ભારતીય બ્રાહ્મણોએ વેદોને નષ્ટ થતા બચાવ્યા છે, તેમ પશ્ચિમના વિદ્વાનોએ પણ વેદોને માત્ર ભારત પૂરતા જ મર્યાદિત ન રહેવા દઈ તેને સમસ્ત સંસારની સંપત્તિ બનાવ્યા છે. યુરોપિયન વિદ્વાનોના પરિશ્રમથી વેદો સંસારભરમાં ચર્ચાનો વિષય બન્યા. પરંતુ જેમ સાયણ વગેરેનો દૃષ્ટિકોણ યજ્ઞપરક હતો અને તેમના અનુસાર પ્રત્યેક મંત્રનું લક્ષ્ય યજ્ઞની કોઈ ને કોઈ ક્રિયાને નજર સમક્ષ રાખી એ મંત્રનો વિનિયોગ કરવાનું હતું, તેમ વેદભાષ્ય કરતી વખતે પશ્ચિમના વિદ્વાનોનું લક્ષ્ય ઈસાઈ મતાવલંબી વિદેશી સરકારનાં હિતોને ધ્યાનમાં લઈ, તેની પર વિકાસવાદી દૃષ્ટિકોણ (Theory of Evolution)થી વિચાર કરવાનું હતું. મેક્સમૂલરે કરેલા વેદભાષ્ય પર સાયણ અને ડાર્વિન બંને છવાયેલા છે, અને તેની અંદર મેકોલેનો આત્મા પણ હયાત છે. મેક્સમૂલરે વિકાસવાદને નજર સમક્ષ રાખી સાયણ વગેરેનાં ભાષ્યોનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું. હકીકતમાં પશ્ચિમના વેદભાષ્યકારોની વિચારધારાનો આધારભૂત સિદ્ધાંત વિકાસવાદનો વિચાર છે. તેમના માટે વિકાસવાદનો વિચાર પહેલાં છે અને ત્યાર બાદ બીજું જે કાંઈ

આવ્યું તેને તેઓ વિકાસવાદના વિચાર પર ચકાસીને જ જુએ છે. વિકાસવાદની કસોટી પર પારખીને જ તેઓ કોઈ વાત ખરી છે કે ખોટી તેનો નિર્ણય કરે છે. મેક્સમૂલરે એકેશ્વરવાદ અને બહુદેવતાવાદના બદલે હિનોથીઈઝમ્ (Henotheism) નામના એક તદ્દન નવતર વાદની કલ્પના કેવળ એટલા માટે કરી કે, તેઓ વિકાસવાદના સિદ્ધાંત વિરુદ્ધ એ માનવાને તૈયાર ન હતા કે એકેશ્વરવાદ જેવો ઉત્કૃષ્ટ વિચાર માનવ-સંસ્કૃતિના આરંભિક કાળમાં કોઈ મનુષ્યના વિચારમાં આવી શકતો હતો. અને જ્યારે એકેશ્વરવાદના સમર્થનમાં વેદનું **'એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ'** પ્રમાણ ટાંકવામાં આવે છે, તો કહી દે છે કે આ તો બહુ પાછળથી ઉદ્‌ભવ પામેલો વિચાર (After thought) છે. મેક્સમૂલરના મુખ્ય શિષ્ય મેકડાનલે 'A Vedic Grammer for Students' નામના ગ્રંથમાં લખી માર્યું કે, 'ઋગ્વેદનાં કુલ દસ મંડળોમાંનાં પ્રથમ આઠ મંડળ પહેલાં લખવામાં આવ્યાં હતાં અને પછી નવમું અને છેલ્લે દસમું મંડળ રચાયું છે.' તેમનો કહેવાનો અભિપ્રાય એ છે કે પ્રથમ આઠ મંડળો અને પાછળનાં બે મંડળો (કે જેમાં એકેશ્વરવાદનો નિર્દેશ છે તે)નો રચનાકાળ ભિન્ન-ભિન્ન છે. જ્યારે તેમને એમ કહેવામાં આવે છે કે આ **'એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ'** વચન તો ઋગ્વેદના પ્રથમ મંડળમાં જ આવે છે, તો કહી દે છે કે એ ત્યાં પ્રક્ષિપ્ત છે અર્થાત્ બાદમાં ઘુસાડવામાં આવેલું છે ! પરંતુ હકીકતમાં આ વાક્ય તો વેદોનું અભિન્ન અંગ છે, જે ભિન્ન-ભિન્ન શબ્દોમાં વેદોમાં યત્ર-તત્ર-સર્વત્ર ઓતપ્રોત થયેલું જોવા મળે છે. તો પછી આને પ્રક્ષિપ્ત અર્થાત્ બાદમાં ઘુસાડવામાં આવેલું શી રીતે કહી શકાય ? પરંતુ આ શીર્ષાસન ફક્ત એટલા માટે કરવામાં આવે છે કે આ વાક્ય અને તેના દ્વારા પ્રતિપાદિત થતો એકેશ્વરવાદનો વિચાર તેમની વિકાસવાદની વિચારધારામાં બંધબેસતો આવતો નથી. આ વિશે શ્રી અરવિંદે લખ્યું છે : "We are aware how modern scholars twist away from the evidence. This hymn (Rg. 1.164.46), they say, was late production; this loftier idea which it expresses with so clear a force rose up somehow in the later Aryan mind or was borrowed by those ignorant

fire-worshippers, sun-worshippers, sky-worshippers from their cultured and philosophical Dravidian enemies. But throughout the Veda we have confirmatory hymns and expressions...But why should not the foundation of Vedic thought be natural monotheism rather than this new-fangled monstrocity of henotheism ? Well, because primitive barbarians could not possibly have risen to such high conceptions and, if you allow them to have so risen, you imperil our theory of the evolutionary stages of the human development and you destroy our whole idea about the sense of the Vedic hymns and their place in the history of mankind. Truth must hide herself, commonsense disappear from the field so that a theory may flourish. I ask, in this point, and it is the fundamental point, who deals most straightforwardly with the texts, Dayanand or the Western scholars ?" (Bankim-Tilak-Dayanand, pp.38-39)

અર્થાત્ "આપણે જાણીએ છીએ કે આધુનિક વિદ્વાનો આ પ્રમાણથી બચવા માટે કેવી તોડમરોડ કરે છે. તેઓ કહે છે કે આ ઉપરોક્ત વેદમંત્ર (ઋગ્વેદ : ૧.૧૬૪.૪૬) પાછળની રચના છે. આ આટલો ઉચ્ચ વિચાર કે જે આટલી સ્પષ્ટતા અને પ્રબળતાની સાથે પ્રગટ કરવામાં આવ્યો છે, તે આર્યોના મનમાં કોઈ રીતે બાદમાં ઉદ્ભવ પામ્યો હશે. અથવા તો આ વિચાર આ અજ્ઞાની અગ્નિપૂજક, સૂર્યપૂજક અને નભપૂજક આર્યોના મનમાં સ્વયં ન પણ ઉદ્ભવ્યો હોય, બલ્કે તેમણે આ વિચાર પોતાના સુસંસ્કૃત તથા દાર્શનિક દ્રાવિડ શત્રુઓ પાસેથી ઉધાર લીધો હોવો જોઈએ. પરંતુ આપણને આ વિચારની પુષ્ટિ કરનારા મંત્રો અને વચનો સંપૂર્ણ વેદમાં જોવા મળે છે...તો પછી શા માટે

સ્વાભાવિક એકેશ્વરવાદને જ વૈદિક વિચારનો આધાર માનવામાં ન આવે ? અને આ નવીન ઘડી કાઢવામાં આવેલા ભયંકર હિનોથીઈઝમ્‌ની જરૂર જ શી છે ? એટલા માટે કે આદિમ અસભ્ય લોકો આ પ્રકારના ઉચ્ચ વિચારો સુધી પહોંચી શકતા ન હતા; અને જો તેમને એટલા ઉન્નત માની લેવામાં આવે તો અમારા વિકાસવાદ દ્વારા અનુમોદિત માનવીય ઉન્નતિની ક્રમિક અવસ્થાઓના સિદ્ધાંત પર પાણી ફરી વળે છે, અને વેદમંત્રોના આશય વિશે તથા માનવજાતિના ઇતિહાસમાં વેદોનું જે સ્થાન છે તેના વિશે અમે લોકોએ જે વિચારધારા પ્રસ્તુત કરી છે, તે સદંતર નષ્ટ થઈ જાય છે ? માટે સત્યને ભલે છુપાઈ જવું પડે, સામાન્ય બુદ્ધિને પણ ભલે મેદાન છોડીને પલાયન થઈ જવું પડે, કે જેથી અમારો (અર્થાત્ આધુનિક - પાશ્ચાત્ય વિદ્વાનોનો) એક વાદ - થિયરી ફૂલી-ફાલી શકે. આ જ આશય ઠર્યો ને ? હું અહીં પૂછું છું - ખાસ આ મુદ્દા પર - આ આધારભૂત મુદ્દા પર પૂછું છું - કે અહીં મૂળ વેદ સાથે તોડમરોડ વગર, સીધી અને સ્પષ્ટ રીતે કોણ વર્તી રહ્યું છે - દયાનંદ કે પશ્ચિમના વિદ્વાનો ?" (બંકિમ-તિલક-દયાનંદ, પાન : ૩૮-૩૯)

શ્રી અરવિંદના ઉક્ત અવતરણનો અભિપ્રાય એ છે કે જો **'એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ'**થી વિકાસવાદ ખંડિત થઈ જતો હોય, તો પશ્ચિમના વિદ્વાનોએ એ માટે તૈયાર રહેવું જોઈએ. સૌથી મોટી વાત તો એ છે કે પોતાના અર્થને સ્પષ્ટ કરવા માટે વેદોની અંતઃસાક્ષી પ્રમાણ તરીકે ઠીક રહેશે કે પછી મેક્સમૂલર, કીથ અને ગ્રિફિથ વગેરે જે કાંઈ કહેશે તે ઠીક રહેશે ? વાસ્તવમાં જો વેદોના અર્થ વેદોથી જ સ્પષ્ટ થતા હોય તો એ પ્રક્રિયાને સર્વોચ્ચ સ્થાન મળવું જોઈએ. પરંતુ જ્યારે વેદોના સ્વતઃપ્રસૂત અર્થથી વિકાસવાદને સમર્થન નથી મળતું ત્યારે પશ્ચિમના વિદ્વાનો મંત્રોના અર્થને તોડી-મરોડીને પોતાને અનુકૂળ કરી લેવાના પ્રયત્નો કરે છે. શ્રી અરવિંદનું કહેવું છે કે દયાનંદ આવું નથી કરતા.

: ૭ :

પશ્ચિમના વિદ્વાનોએ વેદો પર ખૂબ કામ કર્યું, છતાંય તેઓ વેદોમાં રહેલા જ્ઞાનનો તાગ મેળવી શક્યા નહીં. વાસ્તવિકતા સુધી પહોંચવામાં વિકાસવાદ

ઉપરાંત તેમનો પૂર્વાગ્રહ અને સ્વાર્થ પણ આડે આવ્યા. યુરોપિયન સમાજ ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યને સ્થાયિત્વ પ્રદાન કરવા માટે ભારતવાસીઓને ઈસાઈ મતના બીબામાં ઢાળવાના ઉદ્દેશ્યથી આ દેશનાં સાહિત્ય અને ઈતિહાસને વિકૃત કરવામાં પૂરી તાકાતથી કાર્યરત હતો. આથી તેમણે વેદોનાં એવાં ભાષ્યો કર્યાં કે જેને વાંચ્યાં બાદ ભારતવાસીઓ પોતાની જ સાંસ્કૃતિક વિચારધારાને ઘૃણાની દૃષ્ટિએ જોવા માંડે. આ અભિયાનની શરૂઆત મેકોલેના વેતનભોગી સેવક મેક્સમૂલરે કરી. મેક્સમૂલરે પોતાની પત્નીને પાઠવેલા એક પત્રમાં આ તથ્યનો સ્વીકાર કરતાં લખ્યું છે : 'This edition of mine and the translation of the Veda will, hereafter, tell to a great extent on the fate of India. It is the root of their religion and to show them what the root is, I feel sure, is the only way of uprooting all that has sprung from it during the last three thousand years.' (Life and Letters of Frederick Maxmullar, Vol.I, chap.XV, p.34) અર્થાત્ 'મારું આ ભાષ્ય ભારતના ભાગ્યને દૂર સુધી પ્રભાવિત કરનારું નીવડશે. આ વેદ તેમના ધર્મનું મૂળ છે; અને મને ખાતરીપૂર્વકનો વિશ્વાસ છે કે તેમને એ બતાવી આપવું કે તેમનું આ મૂળ કેવું છે, એ જ છેલ્લાં ત્રણ હજાર વર્ષોમાં તેમાંથી ઉદ્ભવ પામેલી તમામ વાતોનો સમૂળગો નાશ કરવાનો એકમાત્ર ઉપાય છે.'

આનું શું પરિણામ આવ્યું તે મેક્સમૂલરે ભારતના રાજ્ય-સચિવ ડ્યુક ઑફ માર્ગાઈલને ૧૬ ડિસેમ્બર, ૧૮૬૮ના રોજ લખેલા એક પત્ર પરથી સ્પષ્ટ થાય છે. મેક્સમૂલર એ પત્રમાં લખે છે : 'The ancient religion of India is doomed. Now, if Christianity does not step in, whose fault will it be ?' (Ibid., Vol.I, chap.XVI, p.378) અર્થાત્ 'ભારતનો પ્રાચીન ધર્મ લુપ્ત થઈ ગયો છે. હવે જો ઈસાઈ મત તેનું સ્થાન ગ્રહણ ન કરે તો એ કોની ભૂલ કહેવાય ?'

મેક્સમૂલરના પ્રયત્નોની પ્રશંસા કરતાં તેમના ગાઢ મિત્ર ઈ.બી. પુસે તેમને એક પત્રમાં લખે છે : 'Your work will mark a new

era in the efforts for the conversion of India to Christianity.' (Ibid., Vol.I, chap.XVI, p.378) અર્થાત્ 'તમારું કાર્ય ભારતવાસીઓને ઈસાઈ બનાવવાની દિશામાં નવયુગ લાવનારું સિદ્ધ થશે.'

ભારતને યાવચ્ચંદ્રદિવાકરૌ ગુલામીની જંજીરોમાં જકડી રાખવા માટે બોર્ડ ઑફ એજ્યુકેશનના અધ્યક્ષ લૉર્ડ મેકોલે દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી શિક્ષણનીતિ અનુસાર ખોલવામાં આવેલી સ્કૂલ-કૉલેજો માટે જે અભ્યાસક્રમ નક્કી કરવામાં આવ્યો હતો એ 'Made in England, By England and For England' હતો. તેનો એકમાત્ર હેતુ પશ્ચિમની વિચારસરણી ધરાવતા એવા ભારતીયો તૈયાર કરવાનો હતો કે જેઓ શરીરથી ભલે કાળા હોય, પરંતુ મનથી ગોરા હોય અર્થાત્ તનથી ભારતીય પણ મનથી અંગ્રેજ હોય. મેકોલેની આ શિક્ષણનીતિના બીબામાં તૈયાર થઈ જે ભારતીયો બહાર પડ્યા તેઓ ડૉ.રાધાકૃષ્ણન્‌ના શબ્દોમાં 'They were more English than the English themselves.' (Indian Philosophy, Vol.II) અર્થાત્ 'તેઓ તો અસલ અંગ્રેજો કરતાંય ચઢે તેવા સવાયા અંગ્રેજ હતા.' આ શિક્ષણનીતિના પરિણામે લોકમાન્ય તિલક જેવા મહાન દેશભક્ત નેતા પણ વેદોના આધારે પોતાને આ દેશમાં વિદેશી માની બેઠા ! જ્યારે બાબુ ઉમેશચંદ્ર વિદ્યારત્ને તિલકને પૂછ્યું કે આર્યો બહારથી અહીં આવ્યા હોવાની વાત વેદોમાં ક્યાં લખવામાં આવી છે, ત્યારે તેમણે સહજ ભાવે કહ્યું : 'આમિ મૂલ વેદ-અધ્યયન કરિ નાઈ, આમિ સાહિબ દિગેર અનુવાદ પાઠ કરિયા છે.' અર્થાત્ 'મેં મૂળ વેદનું અધ્યયન નથી કર્યું. મેં તો સાહેબ લોકોએ અર્થાત્ પશ્ચિમના વિદ્વાનોએ કરેલા અનુવાદો વાંચ્યા છે.' (માનવેર આદિ જન્મભૂમિ, પાન : ૧૨૪)

: ૮ :

આવા સમયે ઈ.સ.૧૮૨૪માં દયાનંદનો પ્રાદુર્ભાવ થયો. તેમણે આ દેશની સમસ્યાઓ પર બહુ સૂક્ષ્મતાથી વિચાર કર્યો અને જાણી લીધું કે આ રોગગ્રસ્ત ઝાડની ડાળો અને પાંદડાં પર પાણીનો છંટકાવ કરવાથી એ લીલું થવાનું

નથી. એ માટે તો તેના મૂળમાં જ કીટનાશક દવાઓનો પ્રયોગ કરી તેને જરૂરી માત્રામાં ખાતર-પાણી આપવું પડશે, તો જ તે ફળીભૂત થશે. આવા ચિંતનના પરિણામે તેઓ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા કે દેશ, જાતિ અને સમાજની જે દુર્દશા થઈ છે તેનું મૂળ કારણ છે : વેદવિદ્યાના પ્રચારના અભાવને કારણે ફેલાયેલો અવિદ્યા-અંધકાર. માટે જ્યાં સુધી વેદોનો ઉદ્ધાર કરી તેને તેના સાચા સ્વરૂપમાં પ્રસ્તુત કરવામાં નહીં આવે ત્યાં સુધી અવિદ્યા-અંધકાર દૂર થવાનો નથી. વેદોની પુનઃ પ્રતિષ્ઠા માટે દયાનંદને ભારતીય અવૈદિક મતમતાંતરોના અનુયાયીઓ, વિદેશથી આયાત થયેલા અથવા બળપૂર્વક આરોપિત કરવામાં આવેલા મતો (ઈસાઈયત અને ઈસ્લામ) તેમ જ પશ્ચિમના તથા તેમનું અનુસરણ કરનારા ભારતીય વિદ્વાનો દ્વારા ફેલાવવામાં આવેલી અનેક પ્રકારની ભ્રાંત ધારણાઓ સામે એકી સાથે લડવું પડ્યું. વાસ્તવમાં દયાનંદ જ ભારતીય પુનર્જાગરણના અગ્રદૂત બન્યા. ફ્રાંસના મહાન લેખક રોમે રોલાએ દયાનંદ માટે લખ્યું છે :

"This man with the nature of a lion is one of those whom Europe is apt to forget when she judges India, but whom she will probably be forced to remember to her cost; for he was that rare combination, a thinker of action with a genius for leadership. He was a hero with the athletic strength of Hercules who thundered against all forms of thought other than his own, the only true one. He was so successful that in five years the whole of Northern India was completely changed. He possessed unrivaled knowledge of Sanskrit and the Vedas. Never since Shankara had such a prophet of Vedism appeared. Dayananda was not a man to come to understanding with religious philosophers imbued with Western ideas." (The Life of

Ramkrishna, pp. 129-134)

અર્થાત્ "સિંહ જેવી પ્રકૃતિ ધરાવતો આ પુરુષ એમાંનો એક છે, જેને યુરોપ ભારત વિશે પોતાનો અભિપ્રાય બાંધતી વેળા બહુધા ભૂલી જાય છે. પરંતુ એક ને એક દિવસ યુરોપે વિવશ થઈને પોતાની ભૂલ સ્વીકાર કરી દયાનંદને યાદ કરવા પડશે; કારણ કે તેમનામાં કર્મયોગી ચિંતક અને નેતૃત્વ-પ્રતિભાનો દુર્લભ સમન્વય હતો. શારીરિક બળમાં હર્ક્યુલસ જેવા શક્તિશાળી દયાનંદ પોતે જેને સત્ય માનતા હતા તેના વિરોધી અર્થાત્ સત્યના વિરોધી એવા તમામ પ્રકારના વિચારો સમક્ષ સિંહગર્જના કરતા હતા. પોતાના પ્રયત્નોમાં તેઓ એટલા સફળ રહ્યા કે ફક્ત પાંચ જ વર્ષમાં તેમણે સમસ્ત ઉત્તર ભારતની સિકલ બદલી નાખી. તેઓ સંસ્કૃત અને વેદોના અદ્વિતીય જ્ઞાતા હતા. શંકરાચાર્ય પછી દયાનંદ જેવો બીજો કોઈ વેદવાદી પાક્યો નથી. પશ્ચિમના વિચારોથી પ્રભાવિત એવી કોઈ પણ ધાર્મિક કે દાર્શનિક વિચારધારામાં દીક્ષિત થયેલા લોકો સાથે તેમણે ક્યારેય સમજૂતી કરી નથી." (રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર)

પરંતુ અગાઉ જણાવ્યું તેમ વૈદિક જ્ઞાનમાં પારંગત હોવા છતાંય શંકરાચાર્યે વેદો વિશે ક્યારેય કશી વાત કરી નથી. પ્રસ્થાનત્રયીમાં જ અટવાતા રહી તેઓ વેદોને તો જાણે ભૂલી જ ગયા. વાસ્તવમાં વેદ તેમના માટે આસ્થાની વસ્તુ હતા; વ્યવહારમાં તેનું કોઈ સ્થાન ન હતું. પરંતુ દયાનંદ માટે આથી ઊલટું છે. દયાનંદે બ્રહ્માથી લઈ જૈમિનિ પર્યંત જેટલા પણ ઋષિ-મુનિઓ અને આચાર્યો થઈ ગયા છે અને તેઓનું જે કાંઈ વાઙ્મય વર્તમાનમાં ઉપલબ્ધ છે તથા વેદ-અનુકૂળ ભારતીય શિષ્ટાચાર અંતર્ગત જે પરંપરા છે - તે સઘળું પોતાની ભીતર સમેટેલું છે અને એ બધું તેમણે લોકોને અર્પણ કરી યત્ર-તત્ર-સર્વત્ર પ્રસારિત કર્યું છે. એક બાજુ **'સર્વં ખલ્વિદં બ્રહ્મ'**ના સિદ્ધાંત અનુસાર પ્રાણીમાત્રને બ્રહ્મરૂપ માનનારા શંકરાચાર્ય વેદમંત્રો સાંભળતા શૂદ્રના કાનમાં સીસુ નાખવાનો, વેદોનો પાઠ કરતા શૂદ્રની જીભ કાપી નાખવાનો અને વેદોને ધારણ કરતા શૂદ્રના શરીરના ટુકડે ટુકડા કરી નાખવાનો આદેશ આપે છે, ત્યારે બીજી બાજુ દયાનંદ **'યથેમાં વાચં**

કલ્યાણીમાવદાનિ જનેભ્યઃ' (યજુર્વેદ : ૨૬.૨) જેવા વેદમંત્રોના આધારે માનવમાત્રને વેદ ભણવા-ભણાવવાનો અને સાંભળવા-સંભળાવવાનો અધિકાર આપે છે. દયાનંદના મંતવ્ય અનુસાર ઈશ્વરની સૃષ્ટિમાં જેમ હવા, પાણી વગેરે પદાર્થો સૌના માટે છે, તેમ તેનું જ્ઞાન (વેદ) પણ સૌના માટે છે. વેદ કોઈ ચોક્કસ વર્ગના લોકોના એકાધિકારની વસ્તુ ન હોઈ શકે. આ પ્રસંગે રોમે રોલાંના શબ્દો ખાસ નોંધવા યોગ્ય છે. તેમણે લખ્યું છે : 'It was in truth an epoch-making date for India when a Brahman (Dayananda) not only acknowledged that all human beings have the right to know the Vedas, whose study had been previously prohibited by orthodox Brahmanas, but insisted that their study and propaganda was the duty of every Arya.' (The Life of Ramkrishna, p.140) અર્થાત્ 'ભારતના ઈતિહાસનો એ સાચે જ એક યુગાંતરકારી દિવસ હતો કે જ્યારે એક બ્રાહ્મણે (દયાનંદે) ન કેવળ એ વાતનો સ્વીકાર જ કર્યો કે વેદોને જાણવાનો અધિકાર માનવમાત્રને છે - કે જેના પર કટ્ટરપંથી બ્રાહ્મણોએ પ્રતિબંધ લાદી દીધો હતો - પરંતુ એથી પણ આગળ વધી તેણે એ વાત પર ભાર મૂક્યો કે વેદો ભણવા અને તેનો પ્રચાર કરવો એ દરેક આર્યનો ધર્મ છે.' (રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર) આમ જ્યાં સુધી વેદોનો સવાલ છે, દયાનંદનું સ્થાન શંકરાચાર્ય કરતાં ઘણું ઊંચું છે. દયાનંદે જે કર્યું છે, તેના દસમા ભાગનું પણ શંકરાચાર્ય કરી શક્યા નથી.

: ૯ :

દયાનંદના મંતવ્ય અનુસાર ચાર મંત્ર સંહિતાઓ (ઋક્, યજુઃ, સામ અને અથર્વ) સિવાયનું બાકીનું સંપૂર્ણ વૈદિક વાઙ્મય પરતઃ પ્રમાણ છે. ફક્ત ચાર મંત્ર સંહિતાઓ જ સ્વતઃ પ્રમાણ છે. વેદાર્થ-પ્રક્રિયાના ક્ષેત્રમાં પણ દયાનંદનું વિશિષ્ટ યોગદાન છે. તેમણે વેદોના બધા જ શબ્દોને યૌગિક અથવા યોગરૂઢ માન્યા છે. વેદોનો કોઈ પણ શબ્દ રૂઢ કે યદચ્છા-રૂપ નથી. તેમણે પ્રાચીન ઋષિ-મુનિઓ દ્વારા નિર્દિષ્ટ વેદાર્થની ત્રિવિધ પ્રક્રિયાનો સ્વીકાર કરી વેદમંત્રોના

વ્યાવહારિક અર્થો પણ કર્યા છે; અને એ રીતે તેમણે વેદોને સર્વજન-ઉપયોગી સ્વરૂપમાં પ્રસ્તુત કર્યા છે. એકમાત્ર દયાનંદકૃત ભાષ્ય જ એવું છે, જે વેદોના સર્વજ્ઞાનમયત્વને તથા **'સર્વં વેદાત્ પ્રસિધ્યતિ'** જેવાં વચનોને સાર્થક કરે છે. વેદોના વાસ્તવિક સ્વરૂપના નિદર્શન માટે જ તેમણે **'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા'** નામનો ગ્રંથ લખ્યો છે. તેમના આ અદ્ભુત ગ્રંથના અધ્યયનનું એ પરિણામ આવ્યું કે જે મેક્સમૂલરે ૧૮૬૬માં 'Chips From a German Workshop' નામના પોતાના પુસ્તકમાં પાન ૨૮ પર લખેલું કે 'A large number of Vedic hymns are childish in the extreme, tedious, low and commonplace.' અર્થાત્ 'વેદોનાં અનેક સૂક્તો બિલકુલ બાલિશ, કંટાળાજનક, નિકૃષ્ટ તેમ જ સાવ સામાન્ય છે' - એ જ મેક્સમૂલરે દયાનંદની આ 'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા'નો અભ્યાસ કર્યા બાદ ૧૮૮૨માં 'India : What Can It Teach Us ?' નામના પોતાના ગ્રંથમાં લખ્યું કે, "વેદોમાં જે ભાષા જોવા મળે છે, તેમાં જે પ્રકારનું જીવનદર્શન છે, તેમાં જે ધર્મનું દર્શન થાય છે, તેના થકી જે દૃશ્યાવલી ખડી થાય છે, તેને વર્ષો લગાવીને પણ કોઈ પામી શકે તેમ નથી. વેદોમાં એવી ભાવનાઓનો પ્રકાશ થયેલો છે કે એ વિચારો આપણને યુરોપિયનોને ૧૯મી સદીમાં પણ આધુનિક અને પ્રગતિશીલ લાગે છે...વેદોમાં આપણને માનવ-વિચારધારાના ઇતિહાસને લગતી એવી એવી જાણકારી મળી આવે છે, જે વેદોના પરિચય અગાઉ આપણા કલ્પના-ક્ષેત્રની પણ બહાર હતી." (હમ ભારત સે ક્યા સીખ સકતે હૈં ?, પૃ.૧૩૦)

એટલું જ નહીં, બલ્કે જે મેક્સમૂલરે કોઈ સમયે દયાનંદ માટે લખ્યું હતું કે, 'He (Dayananda) actually published a commentary in Sanskrit on Rigveda. But in all his writtings there is nothing which can be quoted as original, beyond his somewhat strange interpretations of words and whole passages.' (A Real Mahatman, p.8) અર્થાત્ 'દયાનંદે ઋગ્વેદનું સંસ્કૃતમાં એક ભાષ્ય પ્રકાશિત કર્યું છે, પરંતુ તેમના સમગ્ર લેખનમાં મૌલિક

કહી શકાય તેવું કંઈ જ નથી. હા, તેમણે કેટલાક શબ્દોના અને ક્યાંક ક્યાંક તો પૂરા પ્રકરણના વિચિત્ર અર્થો કર્યા છે.' - એ જ મેક્સમૂલર 'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા' વાંચ્યા બાદ લખે છે : 'We may divide the whole of Sanskrit literature beginning with the Rigveda and ending with Dayananda's Introduction to his Commentary on the Rigveda in two parts.' (India : What Can It Teach Us ?, p.102) અર્થાત્ 'ઋગ્વેદથી આરંભ થતાં અને દયાનંદની 'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા' સુધી ફેલાયેલા સંપૂર્ણ સંસ્કૃત વાઙ્મયને આપણે બે ભાગમાં વહેંચી શકીએ છીએ.' આમ, મેક્સમૂલરે જ્યાં સંસ્કૃત સાહિત્યના એક ધ્રુવ પર ઋગ્વેદને મૂક્યો, ત્યાં બીજા ધ્રુવ પર દયાનંદની 'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા' પ્રતિષ્ઠિત કરી. ઋગ્વેદનો સંબંધ મહર્ષિ બ્રહ્મા સાથે છે. આથી બીજા શબ્દોમાં કહી શકાય કે જે રીતે દયાનંદે પોતાના ગ્રંથોમાં અનેક સ્થાને 'બ્રહ્માથી લઈ જૈમિનિ પર્યંત' એવા શબ્દોનો પ્રયોગ કર્યો છે, તે જ રીતે મેક્સમૂલરે અહીં 'બ્રહ્માથી લઈ દયાનંદ પર્યંત' કહ્યું છે.

દયાનંદનાં વેદભાષ્યોને લક્ષ્ય કરી શ્રી અરવિંદે લખ્યું છે : 'There is nothing fantastic in Dayananda's idea that the Veda contains truths of science as well as truths of religion. I will even add my own conviction that the Veda contains the other truths of a science which the modern world does not at all possess, and in that case Dayananda has rather understated than overstated the depth and range of the Vedic wisdom.' (Bankim-Tilak-Dayananda, p.41)

અર્થાત્ 'દયાનંદના એ વિચારમાં કે વેદોમાં ધાર્મિક સત્યોની જેમ વૈજ્ઞાનિક સત્યો પણ છુપાયેલાં છે, બિલકુલ મનમાની કલ્પના નથી. આ સાથે હું તો એમ પણ કહીશ કે મારા મંતવ્ય અનુસાર વેદોમાં એવા વિજ્ઞાનનાં અન્ય સત્યો પણ છે, જે આધુનિક જગત પાસે બિલકુલ જ નથી; અને એ દૃષ્ટિએ જોતાં દયાનંદે વૈદિક જ્ઞાનની ગંભીરતા અને વિશાળતા અંગે અતિશયોક્તિ નહીં,

બલ્કે અલ્પોક્તિ કરી છે.' (બંકિમ-તિલક-દયાનંદ, પાન : ૪૩)

શ્રી અરવિંદે આગળ લખ્યું છે : 'In the matter of Vedic interpretation, I am convinced that whatever may be the final complete interpretation, Dayananda will be honoured as the first discoverer of the right clues. Amidst the chaos and obscurity of old ignorance and age-long misunderstanding his was the eye of direct vision that pierced to the truth and fastened on that which was essential. He has found the keys of the doors that time had closed and rent asunder the seals of the imprisoned fountains.' (Bankim-Tilak-Dayananda, p.43)

અર્થાત્ 'વેદોની વ્યાખ્યાના સંબંધમાં મારો એ સુદૃઢ વિશ્વાસ છે કે વેદોની અંતિમ અને સર્વાંગપૂર્ણ વ્યાખ્યા ભલે ગમે તે હોય, પરંતુ દયાનંદ સાચાં સૂત્રોના સર્વપ્રથમ આવિષ્કર્તાના રૂપમાં સદાને માટે આદર પામશે. તેમની પ્રત્યક્ષદર્શી દૃષ્ટિ પુરાતન અજ્ઞાન અને યુગવ્યાપી ભ્રાંતિની અવ્યવસ્થા અને અંધકારને ભેદી સીધી જ સત્યના મર્મ સુધી પહોંચી અને જે સારતત્ત્વ હતું તેની પર જઈ સ્થિર થઈ. તેમણે જે દરવાજા સમયે બંધ કરી દીધા હતા તેની ચાવીઓ શોધી કાઢી અને બંધ ઝરાઓનાં મુખ પર જડેલી મહોરોને તોડીને ફેંકી દીધી.' (બંકિમ-તિલક-દયાનંદ, પાન : ૪૩)

આ એક ધ્રુવ સત્ય છે કે છેલ્લાં પાંચ હજાર વર્ષમાં વેદોના વાસ્તવિક સ્વરૂપને ઓળખી તેને એ જ સ્વરૂપમાં પુનઃ પ્રતિષ્ઠિત કરવા માટે કૃતસંકલ્પ અને સમગ્રપણે - ખરા દિલથી - સમર્પિત મનુષ્ય દયાનંદ સિવાય બીજો કોઈ પાક્યો નથી. મહર્ષિ મનુ જેવા ઋષિઓનાં **'સર્વજ્ઞાનમયો હિ સઃ'**, **'સર્વં વેદાત્ પ્રસિધ્યતિ'**, **'નિઃસૃતં સર્વશાસ્ત્રં તુ વેદશાસ્ત્રાત્ સનાતનાત્'**, અને **'વેદઃ પ્રમાણં લોકાનામ્'** વગેરે વચનોનું જાણે ભાષ્ય કરી રહ્યા હોય તેમ દયાનંદે વેદોને **'સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક'** ઘોષિત કર્યા; અને **'ધર્મજિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિઃ'** અનુસાર તેમણે **'વેદ ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા'**ને

જ **'સર્વ આર્યોનો પરમ ધર્મ'** નિશ્ચિત કર્યો. બીજા સુધારકોમાંના કોઈએ સત્યને પરમ ધર્મ કહ્યો, કોઈએ અહિંસાને, તો કોઈએ પરોપકારને; પરંતુ દયાનંદે પોતાના અનુયાયીઓ માટે વેદાધ્યયનને જ પરમ ધર્મ ઘોષિત કર્યો. તેમણે ૧૦ એપ્રિલ, ૧૮૭૫ (ચૈત્ર સુદિ પાંચમ, સં.૧૯૩૧-૩૨)ના રોજ મુંબઈમાં પ્રથમ આર્યસમાજની સ્થાપના કરતી વેળા આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય આ મુજબ નિર્ધારિત કર્યો : **'આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે દરેક સભાસદે વેદ-ધર્મ-તત્ત્વો માન્ય કરવાં અને દેશ-વિદેશમાં તેનો પ્રચાર કરવા માટે યથાશક્તિ પ્રયત્ન કરવો.'** આમ, વેદોનો પ્રચાર-પ્રસાર કરવો એ દયાનંદની દૃષ્ટિએ આર્યસમાજની સ્થાપનાનું પ્રયોજન હતું.

દયાનંદે પોતાના ગ્રંથોમાં અનેક સ્થાને લખ્યું છે : **'વેદોની અપ્રવૃત્તિ થવાથી સંસારમાં અવિદ્યા-અંધકાર ફેલાયો અને તેથી મનુષ્યોની બુદ્ધિ ભ્રમિત થવાથી જેના મનમાં જેવું આવ્યું તેણે તેવો મત-પંથ ચલાવ્યો.'** આથી વેદવિદ્યાને પુનઃ પ્રતિષ્ઠિત કરવા માટે જ તેમણે આર્યસમાજ સ્થાપિત કર્યો. આ જ દયાનંદનું મુખ્ય કાર્ય હતું. તેમનાં બાકીનાં બીજાં બધાં કાર્યો આ જ મુખ્ય કાર્યનાં અંગ-પ્રત્યંગરૂપ હતાં. આથી જો ગીતાની શૈલીમાં કહેવું હોય તો એમ કહી શકાય કે, **'લુપ્ત થઈ ગયેલા વૈદિકધર્મસંસ્થાપનાર્થાય'** જ દયાનંદનું અવતરણ થયું હતું.

મારી ઉંમરના વૃદ્ધ લોકો જો પોતાના બચપણમાં ડોકિયું કરશે તો તેમને જરૂર યાદ આવશે કે એ સમયે લોકો દયાનંદને આ જ સ્વરૂપે યાદ કરી શેરીઓમાં નાચતાં-કૂદતાં અને ગીતો ગાતાં ફરતાં હતાં. એ ગીતોમાં આ બે ગીતો તો ખાસ ગાવામાં આવતાં હતાં : **'વેદાં-વાલે સંત સ્વામી દિગંત-જગ કો જગા દિયા તૂને'** અને **'વેદોં કા ડંકા આલમ મેં બજવા દિયા ઋષિ દયાનંદ ને'**. એક બીજું ગીત પણ હતું : **'વેદાં વાલિઆ ઋષિયા તેરે આવન દી લોડ'** કે જેને આજે પહેલાં કરતાં પણ વધુ ઉત્સાહથી ગાવાની જરૂર છે. દયાનંદનો આત્મા આવાં ગીતોમાં ઝલકતો હતો. આજે આપણે એ આત્માની ઉપેક્ષા કરી, ઈંટ-પથ્થરનાં બનેલાં તેમનાં સ્મારકોને પુષ્ટ કરી તેને સજાવવામાં લાગ્યા છીએ. આત્મવિહીન આ શરીરને બહુ દિવસ સુધી સડવાથી નહીં

બચાવી શકાય.

ગૌરક્ષક

વેદોદ્ધારના કાર્ય ઉપરાંત બીજા બે વિષય એવા હતા, જે દયાનંદના અંતરમાં તેમ જ તેમનાં કાર્યોમાં દૂધમાં માખણની જેમ વ્યાપ્ત હતાં; અને જેને તેમણે સાર્વજનિક આંદોલનનું રૂપ આપ્યું હતું. એ હતા : ગાય અને સંસ્કૃતનિષ્ઠ હિંદી ભાષા સંબંધી વિષયો. આજકાલ પશ્ચિમના દેશોની જેમ આપણા દેશમાં પણ હરિત ક્રાંતિના નામે ખેતીના વિકાસ પર સારું એવું ધ્યાન આપવામાં આવે છે. પરંતુ દયાનંદે આજથી સવા સો વર્ષ અગાઉ હરિત તેમ જ શ્વેત ક્રાંતિ બંનેને સાથે લઈને **'ગોકૃષ્યાદિરક્ષિણી સભા'**ની સ્થાપના કરી હતી અને તેના નિયમ-ઉપનિયમો પણ નિર્ધારિત કર્યા હતા. તેમણે લખેલા 'ગોકરુણાનિધિ' નામના પુસ્તકનું પ્રકાશન કરનારી કેટલીક સંસ્થાઓએ તથા તેનો બીજી ભાષાઓમાં અનુવાદ કરનારા કેટલાક અનુવાદકોએ ગોકૃષ્યાદિરક્ષિણી સભાના નિયમ-ઉપનિયમોને બિનજરૂરી અથવા અપ્રાસંગિક સમજી તેનો પુસ્તકમાં સમાવેશ કરવાનું ટાળ્યું છે, પરંતુ દયાનંદ ગૌરક્ષા અને ખેતી વચ્ચે ખૂબ જ ઘનિષ્ઠ સંબંધ માનતા હતા.

'સત્યાર્થપ્રકાશ' દયાનંદ વિરચિત વિવિધ-વિષય-વિભૂષિત ગ્રંથ છે, અને તેમાં ગાયના વિષયને પણ સુંદર રીતે આવરી લેવામાં આવ્યો છે. છતાંય તેમણે ફક્ત આ જ એક વિષયને લઈને **'ગોકરુણાનિધિ'** નામનું એક સ્વતંત્ર પુસ્તક લખ્યું. પોતાના જીવન દરમિયાન પોતાના ગ્રંથોનો અંગ્રેજીમાં અનુવાદ કરવાની અનુમતિ નહીં આપનારા દયાનંદે 'ગોકરુણાનિધિ'નો અંગ્રેજી અનુવાદ તૈયાર કરાવી તેને વિલાયત મોકલવાનું તથા સમય સમય પર ગૌરાંગ મહાપ્રભુઓ સાથે ચર્ચા-વિચારણા કરતાં રહેવાનું સ્વીકાર્યું. આ બંને બાબતો દયાનંદના હૃદયમાં રહેલા ગૌવંશ પ્રત્યેના અત્યંત પ્રેમની સૂચક છે.

દયાનંદ વાસ્તવમાં દયાના સાગર હતા. એક વાર દશેરા ટાણે ચઢાવવામાં આવતી પશુબલિથી દ્રવીભૂત થઈ તેમણે ઉદયપુરનરેશ મહારાણા સજ્જનસિંહને કહ્યું : **'આપ રાજા છો અને ન્યાયના આસને બિરાજમાન છો.**

હું આ મૂંગા પ્રાણીઓનો વકીલ બની આપની સમક્ષ અભિયોગ લઈને ઉપસ્થિત થયો છું. આપ મને એ બતાવો કે આ પ્રાણીઓએ શો અપરાધ કર્યો છે કે જેથી તેમને દેવતાઓના નામે મૃત્યુદંડ આપવામાં આવી રહ્યો છે ?' તેમની આ વાત સાંભળી મહારાણા સજ્જનસિંહે વર્ષોથી ચાલી આવતી આ પ્રથાને તુરંત બંધ કરવાનો આદેશ આપ્યો.

'ગોકરુણાનિધિ'માં દયાનંદ લખે છે : **'હે પરમેશ્વર ! તું આ પશુઓ પર કેમ દયા નથી કરતો ? એ નિરપરાધ માર્યાં જાય છે. શું એમના પ્રત્યે તને પ્રેમ નથી ? શું તેમના માટે તારા ન્યાયાલયનાં દ્વાર બંધ થઈ ગયાં છે ? કેમ તું તેમની પીડા દૂર કરવા પર ધ્યાન નથી આપતો ? કેમ તું તેમનો પોકાર નથી સાંભળતો ?'** અહીં છડેચોક ઈશ્વરની ન્યાય-વ્યવસ્થાને પડકારવામાં આવી રહી છે અને તેની પર ક્રૂરતા, નિર્દયતા, પક્ષપાત અને અત્યાચારનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે; અને આ બધું કોણ કહી રહ્યું છે ? એક એવી વ્યક્તિ કે જેણે ગમે તેટલી મોટી મુશ્કેલી આવી પડ્યે પણ કદી પોતાના પ્રભુને ફરિયાદ નથી કરી, અને જેને પ્રભુની દયા અને ન્યાય પર એટલો બધો વિશ્વાસ હતો કે મૃત્યુની અસહ્ય વેદનાભરી ઘડીએ પણ જે એમ જ બોલે છે કે **'હે દયામય ! તારી ઈચ્છા પૂર્ણ થાઓ. તેં સુંદર લીલા કરી !'** આથી એ વાતનું સહજ અનુમાન થઈ શકે છે કે ગૌહત્યાને કારણે તેમનું મન કેટલું વ્યથિત રહ્યું હશે કે જ્યારે તેણે પોતાના પ્રિયતમ પ્રભુ માટે ઉપરોક્ત કઠોર શબ્દો કહ્યા હશે ? દયાનંદના મંતવ્ય મુજબ, દુષ્કર્મમાં પ્રવૃત્ત થતી વ્યક્તિના મનમાં પરમેશ્વર ભય, શંકા, લજ્જા ઉત્પન્ન કરે છે. (સત્યાર્થપ્રકાશ, સમુલ્લાસ : ૭) આથી દયાનંદ અહીં પરમેશ્વરને તેનું આ કર્તવ્ય યાદ કરાવીને જાણે તેની પાસે એ વાતનો ખુલાસો માંગી રહ્યા છે કે **'કેમ તું આ માંસાહારીઓના આત્મામાં દયાનો પ્રકાશ કરીને તેમની નિષ્ઠુરતા, કઠોરતા, સ્વાર્થ અને અજ્ઞાનતા વગેરે દૂર નથી કરતો કે જેથી તેઓ આવાં ખરાબ કાર્યોથી અલગ રહે ?'** ત્યાર બાદ દયાનંદ પશુઓ વતી પ્રભુ સમક્ષ દયાની ભીખ માંગે છે અને કહે છે : **'હાલ અમે ખૂબ જ કષ્ટમાં છીએ; કારણ કે અમને બચાવવા માટે કોઈ તૈયાર થતું નથી, અને જે કોઈ તૈયાર થાય છે તેના પ્રત્યે માંસાહારી લોકો દ્વેષ કરે છે.'** અને જ્યારે આવાં દીનતાભર્યાં

વાક્યોને નિષ્ફળ જતાં જુએ છે ત્યારે જાણે પ્રતિશોધની ભાવનાથી ધમકાવતા ન હોય તેમ કહેવડાવે છે કે **‘અમે પશુઓ તમારી મનુષ્યોની ભાષામાં અમારું દુઃખ સમજાવી શકતાં નથી, અને ન તો તમે લોકો અમારી પશુઓની ભાષા સમજી શકો છો. નહીં તો અમારામાંના કોઈને તમે મારત ત્યારે શું અમે પણ તમારા લોકોની જેમ અમારા હત્યારાને ન્યાય-વ્યવસ્થાના આધારે ફાંસીએ ન ચઢાવત ? માટે અત્યાર સુધી જે થયું તે થયું, હવે ભવિષ્યમાં તમે લોકો આંખ ખુલ્લી રાખજો અને સૌને હાનિ પહોંચાડે તેવાં કાર્યો ન સ્વયં કરશો અને ન તો બીજાઓને કરવા દેશો.’** જ્યારે કોઈ સાંભળતું નથી ત્યારે દયાનંદ પોતાના પ્રભુનાં શરણમાં જાય છે અને તેને પ્રાર્થના કરે છે : **‘આપ આ વાતો કેવળ સાંભળી જ ન લેશો, બલ્કે ધ્યાનમાં પણ લેશો. આ અનાથ પશુઓના પ્રાણ આપ શીઘ્ર બચાવશો. હે મહારાજાધિરાજ ! જગદીશ્વર ! જો આ પશુઓને કોઈ ન બચાવે તો આપ સ્વયં તેની રક્ષા કરવા અને અમારા દ્વારા તેની રક્ષા કરાવવા ઉદ્યત થશો.’**

જેણે પોતાની સુરક્ષા માટે વિદેશી શાસકો દ્વારા ઑફર કરવામાં આવેલી સુરક્ષા-વ્યવસ્થાને ઠોકર મારી દીધી હતી, એ જ દયાનંદ ગૌમાતાના પ્રાણોની ભીખ માંગવા એ જ શાસકોનાં દ્વાર ખખડાવવામાં પણ સંકોચ કરતા નથી. ક્યારેક તેઓ અજમેરના કમિશનર ડેવિડસનને જઈને મળે છે, તો ક્યારેક પાછા ગવર્નર જનરલના એજન્ટ કર્નલ બ્રુક્સની પાસે પહોંચીને આ બાબતે તેને વિનંતિ પાઠવે છે. આ જ ક્રમમાં તેઓ ઈ.સ.૧૮૭૩માં સંયુક્ત પ્રાંત (હાલના ઉત્તરપ્રદેશ)ના ગવર્નર મ્યોરને મળવા ફર્રુખાબાદ દોડી જાય છે અને તેને યાચનાના સ્વરમાં કહે છે : **‘જો આપને ઈંગ્લૅન્ડ પાછા ફર્યા બાદ ત્યાંની ઈન્ડિયા કાઉન્સિલના સભ્ય બનાવવામાં આવે, તો આપ ભારતમાં ગૌવધ બંધ કરાવવા માટેના પ્રયત્નો જરૂર કરશો.’** ગૌરક્ષા માટે દયાનંદ સાચે જ દીવાના હતા. એટલા માટે તેમણે હસ્તાક્ષર-અભિયાન (સહી-ઝુંબેશ)નો આશ્રય લીધો. તેમની યોજના એવી હતી કે બે કરોડ વ્યક્તિઓની સહીઓ ધરાવતું એક નિવેદનપત્રક ગવર્નર જનરલ અને વાઈસરૉય લૉર્ડ રિપનના માધ્યમથી મહારાણી વિક્ટોરિયાને પહોંચાડવું. આ નિવેદનપત્રકના કાયદેસરપણા અંગે તેમણે કેટલાક ઉચ્ચ

કોટિના વકીલો સાથે પણ વિચારવિમર્શ કર્યો હતો. પરંતુ હજુ તો અમુક લાખ સહીઓ જ એકઠી કરી હતી એટલામાં સ્વામીજીનું નિધન થઈ ગયું.

સ્વામીજીએ ઉદયપુરનરેશ મહારાણા સજ્જનસિંહ તરફથી જોધપુરનરેશ મહારાજા જશવંતસિંહને એક પત્ર પાઠવીને તેમના રાજ્યમાં ગૌવધ બંધ કરાવવા માટે સૂચન કર્યું હતું. એ પત્રના ઉત્તરમાં મહારાજા જશવંતસિંહે લખ્યું :

'મ્હારી પ્રજા ૧૪,૬૧,૧૫૬ હિંદુ ને ૧,૩૭,૧૧૯ મુસલમાન હૈં. યા તીન પશુ ગાય, બૈલ ઔર ભૈંસ નહીં મારિયા જાવણરા પ્રબંધ મેં ખુશી હૈ ઔર મૈં પિણ રજામંદ હાં.'

સંવત ૧૯૩૯ પોષ વદિ ૫ — હસ્તાક્ષર : રાજરાજેશ્વર

(ખાસ મોહર) — 'મહારાજાધિરાજ જશવંતસિંહ જોધપુર'

સ્વામીજીના પ્રયત્નોથી ઉદયપુર, જયપુર અને જોધપુર રાજ્યોમાં ગૌહત્યા બંધ થઈ ગઈ હતી. ભારતના ઈતિહાસમાં રિવાડીમાં સ્વામીજીની પ્રેરણાથી રાવ યુધિષ્ઠિરસિંહ (રાવ વીરેન્દ્રસિંહના દાદા) દ્વારા સ્થાપિત ગૌશાળા આધુનિક ભારતની સર્વપ્રથમ ગૌશાળા હતી. પરંતુ ભારતના બંધારણની ૪૮મી કલમમાં સરકારને ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોવા છતાંય આ દિશામાં આજ સુધી કોઈ સાર્થક પ્રયત્નો કરવામાં આવ્યા નથી. ધારાસભા (Legislature)નું મુખ્ય કામ કાનૂન બનાવવાનું છે. હું ફક્ત તેમને જ આર્યસમાજી સંસદસભ્ય માનું છું કે જેમણે સંસદમાં પહોંચી આર્યસમાજના કોઈ મંતવ્યને કાનૂની માન્યતા અપાવી હોય. આ દૃષ્ટિએ હું ફક્ત અઢી જ સંસદસભ્યોને આર્યસમાજી માનું છું : (૧) શ્રી દીવાન હરવિલાસ સારડા : જેઓ ૧૯૨૯માં બાળલગ્નો પર પ્રતિબંધ લગાવતો 'સારડા એક્ટ'ના નામે પ્રસિદ્ધ 'Child Marriage Restraint Act' કાનૂન લાવ્યા હતા. (૨) શ્રી ઘનશ્યામસિંહ ગુપ્ત : જેઓ ૧૯૨૯માં જન્મ-આધારિત જાતિપ્રથાને તોડીને કરવામાં આવતાં લગ્નોને કાયદેસર માન્યતા અપાવતો કાનૂન 'Arya Marriage Validation Act' લાવ્યા

હતા. (૩) શ્રી ઓમપ્રકાશ ત્યાગી : જેમને હું અડધા સાંસદ માનું છું, કારણ કે ધર્મપરિવર્તન પર પ્રતિબંધ મૂકવા માટેનું જે બિલ તેમણે ૧૯૭૮-૭૯માં પ્રસ્તુત કર્યું હતું તે બિલ લોકસભાનું અકાળે વિસર્જન થઈ જવાથી પાસ થઈ શક્યું ન હતું. પોતાને સ્વામી દયાનંદ જેવા ગૌભક્તનો અનુયાયી કહેનારો એક પણ આર્યસમાજી સંસદસભ્ય હજુ સુધી ગૌહત્યા-નિષેધક કાનૂન બનાવડાવી શક્યો નથી.

રાષ્ટ્રભાષા-પ્રસારક

સ્વામી દયાનંદે ઋગ્વેદાદિભાષ્યભૂમિકાના 'વેદાનાં નિત્યત્વવિષય:' પ્રકરણમાં લખ્યું છે : 'જે વ્યક્તિ જે દેશ-ભાષાને ભણે છે અથવા જાણે છે, તેને તે જ ભાષાના સંસ્કારો થાય છે.' ભાષાના દરેક શબ્દને પોતાની એક પૃષ્ઠભૂમિ હોય છે અને એ પૃષ્ઠભૂમિ જે તે દેશની સંસ્કૃતિ તેમ જ પરંપરાઓમાંથી નિર્માણ પામતી હોય છે. માટે ભાષા બદલી જવાથી સંસ્કૃતિમાં ઉથલપાથલ મચી જવાની પૂરી સંભાવના રહેતી હોય છે. સમાજનો આત્મા તેની સંસ્કૃતિ હોય છે. આથી સંસ્કૃતિનો નાશ થવાથી સમાજ અને રાષ્ટ્ર પણ હ્રાસને પ્રાપ્ત થતાં હોય છે. આપણે જ્યારે એમ કહીએ છીએ કે **'યૂનાન-ઓ-મિસ્ર રોમાં મિટ ગયે જહાં સે'** ત્યારે આ બધાનું નાશ પામવું આ જ અર્થમાં છે. આ દેશની સભ્યતા, સંસ્કૃતિ, ઇતિહાસ અને ઉદાત્ત પરંપરાઓને અતૂટ - અખંડ રાખવા માટે આ દેશની ભાષાને જીવિત રાખવી અને તેનું સંવર્ધન કરી તેનો વિકાસ સાધવો એ સ્વામી દયાનંદને બહુ જ જરૂરી લાગ્યું. તેમના પોતાના શબ્દોમાં : **'આર્યાવર્તમાં ભાષાનું ઐક્ય સંપાદિત કરવા માટે મેં મારા તમામ ગ્રંથો આર્યભાષા (હિંદી)માં લખ્યા છે.'** સ્વામીજી અંગ્રેજી કે અન્ય કોઈ ભાષા શીખવાના વિરોધી ન હતા, પરંતુ તેઓ એ વાત જાણતા હતા કે અંગ્રેજી વિદેશી શાસકોની ભાષા છે. તેમને એ વાતનું દુઃખ હતું કે અંગ્રેજી ધીમે ધીમે અહીંના લોકોની માતૃભાષા બનતી જાય છે. આથી તેમણે અન્ય દેશોની ભાષાઓ શીખતાં પહેલાં દેવનાગરી અક્ષરોના અભ્યાસ કરવા પર જોર આપ્યું છે.

એક વ્યક્તિએ જ્યારે સ્વામીજીની તેમના ગ્રંથોનો ઉર્દૂમાં અનુવાદ કરવાની અનુમતિ માંગી ત્યારે તેમણે એ વ્યક્તિને લખ્યું : **'જે લોકોને મારી ભાવના સમજવાની સાચે જ ઈચ્છા હશે તેઓ આ આર્યભાષા (હિંદી) શીખવાને પોતાનું કર્તવ્ય સમજશે. અનુવાદ તો વિદેશી લોકો માટે હોય છે.'** થિયોસૉફિકલ સોસાયટીના સ્થાપક મેડમ બ્લેવેટ્સ્કીને તેમણે લખી જણાવ્યું હતું કે **'મારો વિચાર તમને અનુવાદ કરતાં રોકવાનો નથી, કારણ કે અંગ્રેજી અનુવાદ વિના યુરોપિયન લોકો સત્યના પ્રકાશથી વંચિત રહી જશે. પરંતુ મારાં વેદભાષ્યોનો અંગ્રેજી અનુવાદ પ્રકાશિત થશે તો ભારતના લોકો સંસ્કૃત અને આર્યભાષા (હિંદી)નો અભ્યાસ કરવાનું માંડી વાળશે. મારાં વેદભાષ્યોને સમજવા માટે સંસ્કૃત અને આર્યભાષા (હિંદી)નું અધ્યયન, જે મારું લક્ષ્ય છે, તે માર્યું જશે.'** સ્વામીજીને કોઈ પણ ભાષા પ્રત્યે વિરોધ કે અણગમાનો ભાવ ન હતો. પરંતુ તેમનું કહેવું એમ હતું કે જે વ્યક્તિ અહીં આ દેશમાં જન્મીને પોતાના દેશની ભાષા નથી શીખતી તેની પાસે બીજી તો શી આશા રાખી શકાય ? આથી તેમણે પ્રત્યેક આર્ય માટે આર્યભાષા (હિંદી)નું જ્ઞાન હોવું અનિવાર્ય ઘોષિત કર્યું.

સ્વામીજી ઉર્દૂને મ્લેચ્છ ભાષા કહેતા ન હતા. પરંતુ પં.બનારસીદાસ ચતુર્વેદીના જણાવ્યા અનુસાર એક દિવસ સ્વામીજીએ 'ભારતેન્દુ' હરિશ્ચંદ્ર, પ્રતાપનારાયણ મિશ્ર, બાલકૃષ્ણ ભટ્ટ, બદરીનારાયણ ચૌધરી 'પ્રેમધન' વગેરેની હાજરીમાં ઉર્દૂને 'વારવિલાસિની' અને હિંદીને 'કુલકામિની' કહી હતી. આમ કહેવા પાછળનું એક કારણ એ પણ હતું કે તે સમયે સ્વામીજીના પરમ હિતૈષી અને પ્રશંસક એવા સર સૈયદ અહમદ ખાં હિંદીને 'ગંવારૂ' (ગામઠી) ભાષા કહીને હિંદીનો ઉપહાસ કરતા હતા. પરંતુ આજે એ જ 'ગંવારુ' ભાષા રાષ્ટ્રભાષાના પદ પર પ્રતિષ્ઠિત છે.

રામધારીસિંહ 'દિનકર'એ દયાનંદ માટે લખ્યું છે તે મુજબ કહી શકાય કે હિંદી સાહિત્યના ઈતિહાસમાં રીતિકાળની તુરંત બાદના કાળમાં જે સૌથી મહાન ઘટના ઘટી તે હતી : સ્વામી દયાનંદનો પવિત્રતાવાદી દષ્ટિકોણ. એ યુગમાં શૃંગારની કવિતા લખતી વેળા કવિઓને એવું લાગતું કે જાણે સ્વામી

દયાનંદ તેમની બાજુમાં ઊભા રહીને બધું જ જોઈ રહ્યા છે. આવા ડરથી છાયાવાદી કવિઓ પણ સ્ત્રીનો સીધો ઉલ્લેખ કરવાનું ટાળી તેને બદલે 'જુહી કી કલી' અથવા 'વિહંગિની'નો આશ્રય લઈને પોતાના ભાવોનું વિવેચન કરવા લાગ્યા. પ્રેમચંદના શરૂઆતના સાહિત્યમાં સ્વામીજી અને તેમના દ્વારા સ્થાપિત આર્યસમાજનો પ્રભાવ સ્પષ્ટ વર્તાય છે. જયશંકર 'પ્રસાદ' અને મૈથિલીશરણ ગુપ્તે પોતાના સાહિત્યમાં અનેક સ્થાને જે ભારતવર્ષના અતીતનું ગૌરવગાન કર્યું છે, તેના મૂળમાં પણ દયાનંદ દ્વારા સત્યાર્થપ્રકાશમાં વર્ણિત પ્રાચીન આર્યાવર્તની ગૌરવગાથાનો વિસ્તાર છે, અને 'દિનકર'ના કહ્યા મુજબ 'સાકેત'ના રામ તો દયાનંદના 'કૃણ્વન્તો વિશ્વમાર્યમ્'નો નારો લગાવતા પ્રતીત થાય છે.

હિંદીને દેશની એકતા માટે જરૂરી સમજી લીધા બાદ સ્વામીજી પોતાના જીવનની અંતિમ ઘડી સુધી તેના પ્રચાર-પ્રસાર માટે સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક સમર્પિત રહ્યા. તેમણે શ્યામજી કૃષ્ણ વર્માને વેદભાષ્યોનાં પાર્સલો પર ગ્રાહકોનાં નામ-સરનામાં દેવનાગરીમાં લખવાની પ્રેરણા કરી. તેમણે મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સુધારક ગોપાલ હરિકૃષ્ણ દેશમુખને આર્યભાષા (હિંદી)ના પ્રચાર માટે પુરુષાર્થ કરવા પ્રેરિત કર્યા. સ્વામીજીની જ પ્રેરણાથી થિયોસૉફિકલ સોસાયટીના સ્થાપક કર્નલ ઓલ્કૉટે હિંદી શીખવાની શરૂઆત કરી.

સ્વામીજીએ તે સમયના અનેક રાજાઓને પ્રેરિત કર્યા કે તેઓ પોતાનાં રાજ્યોનું કામકાજ હિંદીમાં ચલાવે. તેમની ભલામણના પ્રતાપે ઉદયપુરના મહારાણા સજ્જનસિંહે દેવનાગરી લિપિમાં લખવામાં આવતી હિંદીને રાજભાષાના રૂપમાં પ્રતિષ્ઠિત કરી. સ્વામીજીએ જોધપુર નરેશને એક પત્ર પાઠવીને સૂચવ્યું કે રાજકુમારોને પ્રથમ હિંદી (દેવનાગરી)નું, પછી સંસ્કૃતનું અને ત્યાર બાદ જો સમય મળે તો અંગ્રેજીનો અભ્યાસ કરાવવો. આથી બન્યું એવું કે ૧૨ ઑગસ્ટ, ૧૮૮૩ના રોજ જોધપુર નરેશના નાના ભાઈ કર્નલ પ્રતાપસિંહે રાજ્યના પ્રધાનમંત્રીની હેસિયતથી ઉર્દૂમાં લખવામાં આવેલી ૫૦-૬૦ અરજીઓ ફાડીને ફેંકી દીધી, અને તે દિવસથી રાજ્યનું સઘળું કામકાજ હિંદીમાં શરૂ થઈ ગયું.

ભારતીય સંવિધાનની ધારા ૩૪૩ મુજબ 'The official language of the Union of India shall be Hindi in Devanagri script.' અર્થાત્ 'દેવનાગરી લિપિમાં લખવામાં આવતી હિંદી ભારતીય સંઘની રાજભાષા રહેશે.' આગળ ધારા ૩૫૧માં ફરી કહેવામાં આવ્યું છે : 'It (Hindi) shall draw for its vocabulary primarily on Sanskrit and secondarily on other languages.' અર્થાત્ 'એ હિંદી ભાષા પોતાના શબ્દભંડાર માટે મુખ્ય રૂપે સંસ્કૃત અને ગૌણ રૂપે અન્ય ભાષાઓમાંથી શબ્દો ગ્રહણ કરશે.' સંસ્કૃતને આવી અગત્યતા અને પ્રતિષ્ઠા આપવા પાછળનું કારણ બતાવતાં એ જ ધારાના શરૂઆતના વાક્યમાં કહેવામાં આવ્યું છે : 'It shall be the duty of the Union to promote the spread of the Hindi language, to develop it so that it may serve as a medium of expression for all the elements of the composite culture of India.' અર્થાત્ 'ભારતીય સંઘની એ ફરજ રહેશે કે તે હિંદી ભાષાના પ્રસારને વેગ આપે કે જેથી એ ભાષા ભારતની સામાજિક સંસ્કૃતિનાં સઘળાં તત્ત્વોની અભિવ્યક્તિનું માધ્યમ બની શકે.' ટૂંકમાં એમ કહી શકાય કે ભારતીય સંસ્કૃતિની અભિવ્યક્તિના માધ્યમ તરીકે સંસ્કૃતનિષ્ઠ હિંદીનો દેશની રાજભાષા રૂપે એટલા માટે સ્વીકાર કરવામાં આવ્યો કે, દેશમાં પ્રચલિત ભાષાઓમાં ૬૦થી ૯૦ ટકા જેટલા તત્સમ કે તદ્ભવ શબ્દો સંસ્કૃતના છે.

ભારતીય બંધારણમાં ઉપરોક્ત ધારાઓનો સમાવેશ ભલે ૧૪ સપ્ટેંબર, ૧૯૪૯ના રોજ કરવામાં આવ્યો હોય, પરંતુ એ માટેના આંદોલનની શરૂઆત દયાનંદે ૧૮૮૨માં હંટર કમિશનને હિંદીના પક્ષમાં પાઠવેલાં વિજ્ઞાપનોથી કરી હતી. અંગ્રેજ સરકારે ૧૮૮૨માં ડૉ. હંટરના અધ્યક્ષપણા હેઠળ એક કમિશન નિયુક્ત કર્યું હતું. તેનો ઉદ્દેશ્ય રાજકાર્ય - જે તે સમયે મુખ્યત્વે ઉર્દૂ-ફારસી અને અંગ્રેજીમાં ચાલતું હતું - તેને આર્યભાષા હિંદીમાં પ્રવૃત્ત કરવાનો હતો. સ્વામીજી આ તકને હાથમાંથી જવા દેવા માંગતા નહોતા. આથી તેમણે આ માટે ખાસ પુરુષાર્થ કર્યો. અહીં એ વાત ખાસ

લક્ષમાં રાખવી રહી કે હિંદીને રાષ્ટ્રભાષાનું સ્થાન અપાવવા માટે સ્વામીજી કોઈ પણ પૂર્વાગ્રહ કે પક્ષપાતને કારણે પ્રવૃત્ત થયા નહોતા, બલ્કે રાષ્ટ્રભાષાની જરૂરિયાતનો અનુભવ જ તેમને હિંદી સુધી લઈ ગયો હતો. ૧૮૭૨માં કલકત્તામાં સ્વામીજીને કેશવચંદ્ર સેન સાથે મુલાકાત થઈ હતી. ત્યારથી સ્વામીજીએ સમજી લીધું હતું કે સંસ્કૃત છે તો દેવવાણી, પરંતુ અત્યારે તેમાં જનવાણી બનવાનું સામર્થ્ય નથી. ડૉ. રામમનોહર લોહિયાએ એકવાર કહ્યું હતું : 'કોઈ પણ દેશ પર મધ્ય-પ્રદેશનું શાસન રહેતું હોય છે, સીમા-પ્રદેશોનું નહીં. ભારતના મધ્ય-પ્રદેશોની ભાષા હિંદી છે, માટે હિંદી જ દેશની રાષ્ટ્રભાષા હોવી જોઈએ.' સ્વામીજીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી આ જ વાત સો વર્ષ પહેલાં જોઈ લીધી હતી.

જેવું બ્રિટિશ સરકારે દેશના કામકાજની ભાષાના નિર્ધાર માટે હંટર કમિશનનું ગઠન કર્યું કે તુરંત જ સ્વામીજીએ દેશભરના આર્યસમાજોને આદેશ આપ્યો કે તેઓ આ કમિશનને બહોળી સંખ્યામાં સહીઓ કરાવેલાં નિવેદનપત્રો મોકલે. તેમણે ફર્રુખાબાદ આર્યસમાજના અગ્રણી બાબુ દુર્ગાદાસને આ બાબતે પાઠવેલા એક પત્રમાં લખ્યું : **'આ કામ એવું નથી કે કોઈ એકલાથી થઈ શકે. જો આ તક ચૂકી ગયા તો ફરીથી આવી તક મળવી મુશ્કેલ છે. અને જો આ કાર્ય સિદ્ધ થઈ ગયું તો આશા છે કે મુખ્ય સુધારણાનો પાયો મંડાઈ જશે.'** સ્વામીજીના પ્રયત્નોથી દેશના ખૂણે-ખૂણેથી હિંદીને રાજભાષાના પદ પર પ્રતિષ્ઠિત કરવાનો આગ્રહ કરતા નિવેદનપત્રો હંટર કમિશનને મોકલવામાં આવ્યા. કાનપુરથી મોકલવામાં આવેલા નિવેદનપત્ર પરથી જાણી શકાય છે કે લગભગ બે લાખ નાગરિકોની સહીઓ ધરાવતા બસો નિવેદનપત્રો હંટર કમિશનને મોકલવામાં આવ્યા હતા. દયાનંદ એ દિવસની પ્રતીક્ષામાં હતા કે જ્યારે કાશ્મીરથી કન્યાકુમારી અને અટકથી કટક સુધી નાગરી અક્ષરોનો પ્રચાર હોય.

પં. જવાહરલાલ નેહરુ ઇચ્છતા નહોતા કે હિંદી આ દેશની રાષ્ટ્રભાષા કે રાજભાષા બને. તેમણે ભારે વિરોધ કર્યો, પરંતુ તેમનું ચાલ્યું નહીં. આથી જ્યારે હિંદીનું રાજભાષા બનવાનું લગભગ નક્કી જેવું થઈ ગયું

ત્યારે નેહરુ એક ચાલ ચાલ્યા. તેમણે કહ્યું કે હિંદી ભલે રાજભાષા તરીકે રહે, પરંતુ આગામી પંદર વર્ષ સુધી અંગ્રેજીને પણ તેની સાથે ચાલુ રાખવામાં આવે. નેહરુનું મન રાખવા માટે લોકોએ તેમની આટલી આ વાત માની લીધી. આપણી તુષ્ટિકરણની નીતિને કારણે દેશનાં મોટાં-મોટાં કામો બગડતાં આવ્યાં છે. આવી નીતિને કારણે જ પાકિસ્તાનનું નિર્માણ થયું અને ખાલિસ્તાન બનવાની આશંકા જાગી. શ્રીરામ તો બાર વર્ષે વનમાંથી પાછા આવી ગયા હતા, પરંતુ બાવન વર્ષો વીતી ગયાં - હિંદી ન તો પોતાના આસને પાછી ફરવાની હતી, ન તો પાછી ફરી અને ન તો હવે પાછી ફરશે એવી કોઈ આશા છે. એ ૧૫ વર્ષ પૂરાં થાય તેનાં બે વર્ષ અગાઉ ૧૯૬૩માં નેહરુએ સંસદમાં એક પ્રસ્તાવ પાસ કરાવી અંગ્રેજીને અમરત્વનું વરદાન આપી દીધું. એ પ્રસ્તાવ અનુસાર જ્યાં સુધી દેશનો એક પણ પ્રદેશ હિંદીનો વિરોધ અને અંગ્રેજીને ચાલુ રાખવાની હિમાયત કરશે ત્યાં સુધી હિંદીની સપત્ની રૂપે અંગ્રેજી પ્રતિષ્ઠિત રહેશે. તે સમયે આવું રાજ્ય એકમાત્ર નાગાલેંડ હતું, પરંતુ આજે તો 'વીટો' વાપરે તેવાં બીજાં અનેક રાજ્યો તેની સાથે છે. આમ, હિંદીના સમગ્ર દેશની એકમાત્ર રાજભાષા બનવા પર હંમેશની અડચણ ઊભી કરી દેવામાં આવી.

જોકે રાજ્યોને પોતપોતાના ક્ષેત્રોમાં હિંદી કે અન્ય પ્રાદેશિક ભાષાનો પ્રયોગ કરવાની છૂટ ચાલુ હતી. એટલામાં રાજીવ ગાંધીએ પોતાની મેળે અથવા કોઈના ઈશારે હિંદીને તથા તેની સાથે ધીમે-ધીમે તમામ ક્ષેત્રીય ભાષાઓને સદાને માટે કાઢીને અંગ્રેજીના નિષ્કંટક રાજ્યનો માર્ગ મોકળો કરવાનો નિર્ધાર કર્યો. **'એકૈ સાધે સબ સધૈ'** નો ગુરુમંત્ર જપતાં ખબર પડી કે જો એકલી સંસ્કૃતને જ મારી નાખવામાં આવે તો આ દેશની બધી જ પ્રાદેશિક ભાષાઓ પોતાની મેળે જ મરી પરવારશે; કારણ કે આ બધી ભાષાઓનો આત્મા તો સંસ્કૃતમાં વસે છે. આમ પણ આ બધી ભાષાઓમાં ૬૦થી ૯૦ ટકા જેટલા શબ્દો તો સંસ્કૃતના જ છે, અને પારિભાષિક શબ્દો તો સો એ સો ટકા સંસ્કૃતમાંથી જ મળે છે. પારિભાષિક શબ્દો સર્વત્ર પ્રાચીન ભાષાઓમાંથી જ મળતા હોય છે. અંગ્રેજીને બહુ સંપન્ન ભાષા માનવામાં

આવે છે, પરંતુ તેના લગભગ ૭૫ ટકા પારિભાષિક શબ્દો ગ્રીક કે લૅટિન મૂળના છે, અને બાકીના ૧૫ ટકા શબ્દો જર્મન અને ફ્રેંચ મૂળના છે. સંસ્કૃત વગર તો હિંદી તેમ જ દેશની બીજી બધી પ્રાદેશિક ભાષાઓ શૂન્ય થઈ જશે - એ વાતને સ્પષ્ટ કરવા માટે તો એક પૂરું વ્યાખ્યાન અલગથી આપવું પડે. જ્યારે આ બધી ભાષાઓનું દેવાળું નીકળી જશે ત્યારે આપણે વિવશ થઈને અંગ્રેજીને છાતીએ લગાડવી પડશે; અને તેની સાથે જ આ દેશની સભ્યતા, સંસ્કૃતિ, સાહિત્ય, પરંપરા - આ બધું જ એકીસાથે વિદાય લઈ લેશે. રાજીવ-સરકારે નિર્ધારિત કરેલી નવી શિક્ષણનીતિ અંતર્ગત સ્કૂલોના પાઠ્યક્રમમાંથી સંસ્કૃતને બિલકુલ કાઢી નાખવામાં આવી છે. જોકે સુપ્રિમ કોર્ટના સ્થગન આદેશને લીધે તેનું અમલીકરણ અટકણમાં પડેલું છે, પરંતુ માથા ઉપર તલવાર તો લટકી જ રહી છે.

દેશભક્ત

જે રીતે સ્વામી દયાનંદે ગૌરક્ષા અને હિંદી માટે સાર્વજનિક આંદોલનોનું નેતૃત્વ કર્યું, એ રીતે ભલે તેમણે દેશની સ્વાધીનતા માટે કોઈ આંદોલનનું નેતૃત્વ ન કર્યું હોય કે એવા કોઈ આંદોલનમાં સક્રિય ભાગ ન લીધો હોય, પરંતુ તેમણે પોતાનાં ચિંતન, કલમ અને વાણી દ્વારા એમાં સહયોગ કરવામાં તેઓ પાછળ રહ્યા નથી.

ભારતવાસીઓને ભ્રમિત કરવાના ઉદ્દેશ્યથી આર્ય-દ્રવિડ જાતિઓના સિદ્ધાંતની કલ્પના ૯ એપ્રિલ, ૧૮૬૬ના રોજ લંડનની રૉયલ એશિયાટિક સોસાયટીના ખંડમાં બંધ બારણે આયોજિત એક મિટિંગમાં ઘડી કાઢવામાં આવી હતી. રૉયલ એશિયાટિક સોસાયટી જર્નલ (લંડન)ના પાન ૪૨૦ પર આપવામાં આવેલી ફૂટનોટ અનુસાર આ મિટિંગ રાઈટ ઑનરેબલ વાઈકાઉંટ સ્ટ્રાંગફીલ્ડ (Viscount Strongfield)ના અધ્યક્ષસ્થાને આયોજિત થઈ હતી. મિસ્ટર એડવર્ડ ટૉમસે ચોથા મુદ્દા હેઠળ ચર્ચાનો આરંભ કરતાં આ મિટિંગમાં કહ્યું : 'આર્યન આક્રમણખોરોની લહેરો ઑક્સસ નદીથી આર્મેનિયા પ્રાંત તથા હિંદુકુશના માર્ગે થઈ ભારતમાં પ્રવેશી હતી.' આપણા દેશની

પ્રાથમિક સ્કૂલોથી માંડી મોટી મોટી યુનિવર્સિટીઓ સુધી આ મુજબનો વિકૃત ઈતિહાસ ભણાવવામાં આવી રહ્યો છે કે, આર્યોએ ભારત પર આક્રમણ કર્યું હતું અને અહીંના મૂળ નિવાસીઓને પરાસ્ત કરી તેઓ આ દેશ ઉપર પોતાનો અધિકાર જમાવી અહીં વસી ગયા. આ નિરાધાર કલ્પનાના આધારે આજે માંગ કરવામાં આવી રહી છે કે, અન્ય વિદેશીઓ (અર્થાત્ મુસલમાનો અને ઈસાઈઓ)ની જેમ આર્યોએ અર્થાત્ હિંદુઓએ પણ આ દેશ તેના મૂળ નિવાસીઓને સોંપીને અહીંથી ચાલ્યા જવું જોઈએ. 'જે પહેલાં આવ્યા તે પહેલાં જાય' ('Those who came first must leave first') એવી દલીલ પ્રસ્તુત કરીને ૪ સપ્ટેંબર, ૧૯૭૭ના રોજ સંસદમાં રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત સભ્ય ફ્રેંક એન્થોનીએ માંગ કરી કે : 'Sanskrit should be deleted from the eighth schedule of the constitution because it is a foreign language brought to this country by foreign invaders, the Aryans.' (Indian Express, New Delhi, 5.9.77) 'સંસ્કૃતને બંધારણના આઠમા પરિશિષ્ટમાંથી કાઢી નાખવી જોઈએ, કારણ કે એ વિદેશી આક્રમણખોર આર્યો દ્વારા આ દેશમાં લાવવામાં આવેલી એક વિદેશી ભાષા છે.' જો આપણે પણ સાચે જ વિદેશી આક્રમણખોરો હોઈએ તો આપણને આ દેશની સ્વતંત્રતા માંગવાનો શો અધિકાર છે ?

ભારતના સ્વાધીનતા આંદોલનમાં લોકમાન્ય તિલકનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે, અને તેની પાછળનું પ્રમુખ કારણ છે તેમણે આંદોલનને આપેલું સૂત્ર : 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે.' પરંતુ આવો ઉદ્‌ઘોષ કોઈ પણ દેશના મૂળ નિવાસીઓ જ કરી શકે છે, અન્ય લોકો નહીં. જેમ કોઈના ઘર પર લાઠીઓ લઈને આક્રમણ કરનારા, તેમાં રહેતાં લોકોની મારપીટ કરનારા અને તેઓને ત્યાંથી ખદેડીને એ ઘર પર પોતાનો અધિકાર જમાવનારા લોકો એ ઘર પર પોતાનો જન્મસિદ્ધ અધિકાર છે એમ કહી શકતા નથી, તેવી જ રીતે આ દેશના મૂળ નિવાસીઓને મારી, તેની પર અધિકાર જમાવનારા વિદેશી આક્રમણખોર (!) આર્યો પણ આ દેશ પર પોતાનો જન્મસિદ્ધ અધિકાર બતાવી શકતા નથી. લોકમાન્ય તિલક પણ એમ જ

માનતા હતા કે આર્ય લોકો વિદેશી આક્રમણકારીઓ હતા, જેમણે આ દેશની મૂળ પ્રજા પાસેથી આ દેશ છીનવી લઈ આ દેશ પર બળજબરીપૂર્વક પોતાનો અધિકાર જમાવ્યો હતો. એટલા માટે વાત ઠીક હોવા છતાંય લોકમાન્ય તિલક અને તેમના મતાનુયાયીઓ દ્વારા સ્વરાજ્ય માટેનો ઉપરોક્ત ઉદ્‌ઘોષ શી રીતે કરી શકાય ?

આર્ય લોકો આ દેશના મૂળ નિવાસીઓ છે. તેમના પહેલાં અહીં આ દેશમાં ન તો કોઈ બીજું રહેતું હતું, અને ન તો તેઓ ક્યાંય બહારથી અહીં આવ્યા છે. એટલા માટે આ દેશનું નામ 'આર્યાવર્ત' છે. આમ, આ દેશ પર તેમનો જન્મસિદ્ધ અધિકાર હોવાથી સ્વરાજ્ય પણ તેમનો જન્મસિદ્ધ અધિકાર ઠરે છે. આ દૃષ્ટિએ જોઈએ તો દયાનંદ જ આ દેશની પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે આ દેશની સ્વાધીનતાની માંગને વૈધાનિક આધાર પ્રદાન કર્યો. અને જો આપણે દયાનંદની આ વાતનો અસ્વીકાર કરીએ અને સ્વયંને બહારથી આ દેશ પર આધિપત્ય જમાવનારી પ્રજા માનીએ, તો જેમ અંગ્રેજો આ દેશ છોડીને ગયા તેમ એક ને એક દિવસ આપણે પણ અહીંથી ભાગવું પડશે. હકીકતમાં, જે લોકો પોતાને વિદેશી કે વિદેશી મૂળના માનતા હોય તેમને અથવા તેવા લોકોના પક્ષ કે સંગઠનને આ દેશ પર શાસન કરવાનો બિલકુલ અધિકાર નથી. સ્વામી દયાનંદ પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે દેશની સ્વાધીનતા વિરોધી (અર્થાત્ આર્યોને વિદેશી રૂપે ચિત્રિત કરનારી) આ મિથ્યા માન્યતા પર પ્રહાર કર્યો અને કહ્યું : **'કોઈ પણ સંસ્કૃત ગ્રંથ કે ઈતિહાસમાં એવું નથી લખ્યું કે આર્ય લોકો ઈરાનથી અહીં આવ્યા અને અહીંના જંગલીઓ સાથે લડી, વિજય મેળવી, તેમને અહીંથી બહાર ખદેડી આ દેશના રાજા બની બેઠા. તો પછી વિદેશીઓનો લેખ શી રીતે માન્ય થઈ શકે છે ?'** (સત્યાર્થપ્રકાશ, આઠમો સમુલ્લાસ)

૧૮૫૭ની ક્રાંતિ અસફળ રહી અને ૧ નવેમ્બર, ૧૮૫૮ના રોજ મહારાણી વિક્ટોરિયાએ પોતાનો ઢંઢેરો પિટાવ્યો. આ ઢંઢેરામાં ભારતવાસીઓને આશ્વાસન આપતાં કહેવામાં આવ્યું : 'ભલે અમે અંગ્રેજ લોકો સંપૂર્ણપણે ઈસાઈ મતમાં વિશ્વાસ ધરાવતા હોઈએ, પરંતુ તેમ છતાં

અમે અમારી પ્રજા ઉપર અમારી માન્યતાઓ થોપવા માંગતા નથી. અમે ઘોષણા કરીએ છીએ કે અમારી ધાર્મિક માન્યતાઓને કારણે કોઈના પ્રત્યે કોઈ પણ જાતનો પક્ષપાત કરવામાં આવશે નહીં, અને ન તો કોઈની સાથે જબરદસ્તી આચરવામાં આવશે. સૌને સમાનરૂપે કાનૂની નિષ્પક્ષ સંરક્ષણ મળી રહેશે. અમારે આધીન છે એવા તમામ કર્મચારીઓને અમે સાવધાન કરીએ છીએ કે, જો કોઈએ અમારી પ્રજાની ધાર્મિક માન્યતાઓ કે પૂજાપદ્ધતિમાં કોઈ જાતનો હસ્તક્ષેપ કર્યો છે તો તેઓને અમારો કઠોર દંડ ભોગવવો પડશે.'

ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસે વિક્ટોરિયાના આ ઢંઢેરાનું સ્વાગત કર્યું, પરંતુ દયાનંદે તેને ફગાવી દીધો અને સ્પષ્ટ ઘોષણા કરી કે **'કોઈ ભલે ગમે તેટલું કરે, પરંતુ જે સ્વદેશીય રાજ્ય હોય છે તે જ સર્વોપરિ ઉત્તમ હોય છે. અથવા વિદેશીઓનું રાજ્ય ભલે મતમતાંતરના આગ્રહરહિત, પોતાના અને પારકાના પક્ષપાત વગરનું તેમ જ પ્રજા પર માતા-પિતા સમાન કૃપા, ન્યાય અને દયા ધરાવતું પણ કેમ નથી, તોપણ તે પૂર્ણ સુખદાયી ન હોઈ શકે.'** (સત્યાર્થપ્રકાશ, આઠમો સમુલ્લાસ)

દયાનંદના ઉક્ત શબ્દોમાં વિક્ટોરિયાની ઘોષણાનો રોકડો જવાબ છે. દયાનંદના તેજની પ્રખરતા અને સ્વરાજ્ય-પ્રાપ્તિ માટે તેમના અંતરમાં રહેલી ઉત્કટ ભાવનાને સમજવા માટે આ એક જ અવતરણ પૂરતું છે. દિલ્હીમાં ૨૦-૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪ દરમિયાન આર્ય મહાસંમેલન યોજાયું હતું, જેના અધ્યક્ષ ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી હતા. આ પ્રસંગે તેમણે પોતાના અધ્યક્ષીય ભાષણમાં દયાનંદના ઉક્ત ઉદ્‌ઘોષ પર ટિપ્પણી આપતાં કહ્યું હતું કે 'Could there be a bolder declaration of war against foreign domination ?' અર્થાત્ 'વિદેશી હકૂમત વિરુદ્ધ આનાથી વધારે નીડર ઘોષણા બીજી શી હોઈ શકે ?'

: ૧ :

ઈ.સ. ૧૯૧૧ની વસતી-ગણતરીના અધ્યક્ષ (સેંસસ્ કમિશનર) મિ.બ્લન્ટે

આર્યસમાજની સમીક્ષા કરતાં લખ્યું હતું : "The Arya Samajic doctrine has a patriotic side. The Arya doctrine and Arya education alike sing the glories of ancient India and by so doing arouse a feeling of national pride in its disciples who are made to feel that their country's history is not a tale of humiliation. Patriotism and politics are not synonymous, but the arousing of an interest in national affairs is a natural result of arousing national pride." (Census Report of 1911, Vol.XV, Part I, Chap IV, p.135) અર્થાત્ 'આર્યસમાજના સિદ્ધાંતોમાં સ્વદેશપ્રેમની પ્રેરણા છે. આર્ય-સિદ્ધાંત તથા આર્ય-શિક્ષણ બંને સમાન રૂપે પ્રાચીન ભારતનું ગૌરવગાન કરે છે, અને એ રીતે તે પોતાના અનુયાયીઓમાં રાષ્ટ્રગૌરવની ભાવના જાગ્રત કરે છે. આવા સંસ્કારોને લીધે તેઓ સમજવા લાગે છે કે, અમારા દેશનો ઈતિહાસ પરાજયની દાસ્તાન નથી. ભલે દેશભક્તિ અને રાજનીતિ એકબીજાના પર્યાયવાચી ન હોય, પરંતુ રાષ્ટ્રીય કાર્યોમાં રુચિ કે પ્રવૃત્તિ જાગવી એ રાષ્ટ્રીય સ્વાભિમાનનું સહજ પરિણામ છે.'

મિ.બ્લન્ટની ઉક્ત વાતમાં રહેલી સચ્ચાઈ સ્વામી દયાનંદે સત્યાર્થપ્રકાશના ૧૧મા સમુલ્લાસમાં લખેલા નિમ્ન શબ્દો પર વિચાર કરવાથી સમજમાં આવી જાય છે. દયાનંદ લખે છે : **'આ આર્યાવર્ત દેશ એવો છે કે એના જેવો સંસારમાં બીજો કોઈ દેશ નથી. એટલા જ માટે આ ભૂમિનું નામ 'સુવર્ણભૂમિ' છે, કારણ કે એ જ સુવર્ણ વગેરે રત્નો ઉત્પન્ન કરે છે...ભૂગોળમાં જેટલા દેશ છે તે બધા આ દેશની પ્રશંસા કરે છે, અને આશા રાખે છે કે પારસમણિ નામના પથ્થરની જે વાત સાંભળવામાં આવે છે તે વાત તો સાચી નથી, પરંતુ આ આર્યાવર્ત દેશ જ વાસ્તવમાં પારસમણિ છે કે જેને લોખંડરૂપી દરિદ્ર વિદેશીઓ સ્પર્શ કરતાં જ સુવર્ણતુલ્ય અર્થાત્ ધનાઢ્ય થઈ જાય છે. સૃષ્ટિના આરંભથી લઈને પાંચ હજાર વર્ષ પહેલાં સુધી આર્યોનું સાર્વભૌમ ચક્રવર્તી અર્થાત્ ભૂગોળમાં સર્વોપરિ એકમાત્ર રાજ્ય હતું અને બીજા દેશમાં**

માંડલિક અર્થાત્ નાના-નાના રાજાઓ રહેતા હતા.'

મિ.બ્લન્ટના કહ્યા મુજબ સ્વદેશ પ્રત્યે જાગ્રત થયેલા આ ગૌરવગાનનું પરિણામ એ આવ્યું કે, લોકોના દિલમાં પોતાના લુપ્ત પામેલા ગૌરવને પુનઃ પ્રાપ્ત કરવાની લાલસાને બળ મળ્યું. કોઈ પણ બાબતમાં વિદેશીઓ સમક્ષ માથું નમાવવું પડે એ દયાનંદને માન્ય ન હતું. એક સ્થાને દયાનંદ લખે છે : **'જ્યારે આપણા દેશમાં સર્વ સત્ય વિદ્યા, સત્ય ધર્મ અને પરમ યોગની સર્વ વાતો હતી અને હજુ આજે પણ છે, તો પછી વિચાર કરો કે થિયોસોફિસ્ટોએ સ્વદેશવાસીઓના મતમાં ભળવું જોઈએ કે આર્યાવર્તવાસીઓએ થિયોસોફિસ્ટ થવું જોઈએ ?'**

સત્યાર્થપ્રકાશના ૧૧મા સમુલ્લાસમાં કરવામાં આવેલા બ્રહ્મોસમાજના ખંડનમાં આ વાત વધારે સ્પષ્ટ રીતે અભિવ્યક્ત થવા પામી છે. સ્વામીજી ત્યાં લખે છે : **'બ્રહ્મોસમાજના લોકોમાં સ્વદેશભક્તિ બહુ જ ઓછી છે. ઈસાઈઓનાં ઘણાં બધાં આચરણ લઈ લીધાં છે. પોતાના દેશની પ્રશંસા કે પોતાના પૂર્વજોની મોટાઈ - બડાઈ કરવી તો દૂર રહી, પરંતુ તેના બદલે પેટ ભરીને નિંદા કરે છે. બ્રહ્મા વગેરે મહર્ષિઓનાં નામ પણ લેતા નથી. બલ્કે એમ કહે છે કે સંસારમાં અંગ્રેજો સિવાય આજ સુધીમાં કોઈ વિદ્વાન થયા જ નથી; આર્યાવર્તના લોકો તો હંમેશથી જ અવિદ્વાન - મૂર્ખ ચાલ્યા આવે છે; તેમની ક્યારેય ઉન્નતિ થઈ નથી...ભલા, જ્યારે આર્યાવર્તમાં ઉત્પન્ન થયા છો અને આ જ દેશનાં અન્ન-જળ ખાધાં-પીધાં અને હાલમાં પણ ખાઓ-પીઓ છો, તો પછી પોતાનાં માતા-પિતા, પિતામહ વગેરેના માર્ગને છોડીને બીજા વિદેશી મતો પર ઝુકી પડવું, તથા બ્રહ્મોસમાજીઓ અને પ્રાર્થનાસમાજીઓનું આ દેશની સંસ્કૃત વિદ્યાથી રહિત રહી પોતાને વિદ્વાન પ્રકાશિત કરવું, અંગ્રેજી શીખી પાંડિત્ય-અભિમાની થઈ એકદમ એક મત ચલાવવામાં પ્રવૃત્ત થવું એ મનુષ્યોનું સ્થિર અને વૃદ્ધિકારક કામ શી રીતે હોઈ શકે છે ?'**

કેટલા સ્વદેશ-અભિમાની હતા દયાનંદ ! ઈ.સ.૧૯૦૧માં વસતી-ગણતરીના અધ્યક્ષ (સેંસસ્ કમિશનર) મિ.બર્ન હતા. તેમણે પણ પોતાના રિપોર્ટમાં લખ્યું હતું : 'Dayananda feared Islam and Chris-

tianity because he considered that the adoption and adaptation of any foreign creed would endanger the national feelings he wished to foster.' અર્થાત્ 'દયાનંદ ઈસ્લામ અને ઈસાઈયતથી એટલા માટે ચિંતિત હતા કે, તેઓ સમજતા હતા કે વિદેશી મતોનો સ્વીકાર કરવાથી દેશવાસીઓની રાષ્ટ્રીય ભાવનાઓને નુકસાન પહોંચશે, અને દયાનંદ તો પોતાના દેશવાસીઓમાં રાષ્ટ્રીય ભાવનાઓનું સંવર્ધન કરવા ઈચ્છતા હતા.'

ઈસાઈઓએ અંગ્રેજો સાથે ખભેખભા મિલાવી આપણી ગુલામીની બેડીઓને મજબૂત કરવાનું કામ કર્યું છે, એ વાતમાં કોઈ શંકા નથી. કોઈ પણ દેશની પ્રજામાં જ્યાં સુધી સ્વાભિમાનની ભાવના બની રહે છે, ત્યાં સુધી વિદેશી શાસનના સ્થાયિત્વ પર હંમેશાં પ્રશ્નચિહ્ન બની રહે છે. આથી ભારતવાસીઓમાં રહેલી સ્વાભિમાનની ભાવનાને ખતમ કરવા માટે ઈસાઈઓએ ભારતવાસીઓને 'અસભ્ય' અને 'જંગલી' કહી તેમનામાં હીનતાની ભાવના પેદા કરવાના પ્રયત્નો કર્યા. ૧૮૭૬માં જ્યારે પ્રિન્સ ઑફ વેલ્સ ભારત આવ્યા ત્યારે મુંબઈના ગવર્નર લોર્ડ રીએ ખ્રિસ્તી મિશનરીઓના શિષ્ટમંડળને તેમની સમક્ષ પ્રસ્તુત કરતાં કહ્યું : 'They are doing in India more than all those civilians, soldiers, judges and governors your Highness has met.' અર્થાત્ 'જેટલું કામ આ સિપાઈઓ, ન્યાયાધીશો અને બીજા અધિકારીઓ કરી રહ્યા છે, તેના કરતાં વધારે કામ તો ભારતમાં આ મિશનરીઓ કરી રહ્યા છે.' ખ્રિસ્તી મિશનરીઓએ ભજવેલી ભૂમિકાનું આથી વધારે સબળ પ્રમાણ બીજું શું હોઈ શકે છે ?

૧૮૫૭ના પ્રથમ સ્વાધીનતા સંગ્રામના અંત પછી બે વર્ષ બાદ ઈંગ્લૅન્ડના તત્કાલીન પ્રધાનમંત્રી લૉર્ડ પામસ્ટર્ને ઘોષણા કરી હતી : 'It is not only our duty but in our own interest to promote the diffusion of Christianity as far as possible throughout the length and breadth of India.' (Christianity and Government of India, by Matthew, p.194) અર્થાત્ 'સમગ્ર

ભારતમાં ઈસાઈ મતના પ્રચારને વેગ આપવો એ કેવળ આપણું કર્તવ્ય જ નથી, બલ્કે તેમાં જ આપણું હિત રહેલું છે.' અહીં એ યાદ રાખવું જરૂરી છે કે, ઈંગ્લૅન્ડના પ્રધાનમંત્રીએ આ ઘોષણા મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરાના એક વર્ષ બાદ જ કરી હતી.

ઈસ્લામના ઈતિહાસથી સૌ સારી રીતે પરિચિત છે. એ હકીકત છે કે ભારતમાં વસતા લગભગ બધા જ મુસલમાનો મૂળરૂપે આ જ દેશના નિવાસીઓ છે. પરંતુ આઠ સો વર્ષથી આ ભૂમિનાં અન્ન-જળમાંથી પોષણ પામ્યા બાદ પણ તેઓ આ દેશના બની શક્યા નથી. ભારતના મુસલમાનોએ આ દેશ પર ક્યારેય શાસન કર્યું નથી. અહીં શાસન કરનારા મોગલ, પઠાણ, ખિલજી, લોદી, ગોરી વગેરે તમામ આક્રમણકારીઓ વિદેશી મુસલમાનો હતા. પરંતુ જેટલો ગર્વ તેમને આ વિદેશી આક્રમણકારીઓ અને આ દેશના લોકો પર અત્યાચાર ગુજારનારાઓ પર છે, તેટલો આ દેશમાં પેદા થયેલા રામ, કૃષ્ણ અને ઋષિમુનિઓ પર કે આ દેશ માટે ફના થઈ જનારા રાણા પ્રતાપ અને શિવાજી વગેરે પર નથી.

: ૨ :

મિ.બ્લન્ટે પોતાના રિપોર્ટમાં એક બીજી વાત પણ લખી છે : 'Dayananda was nor merely a religious reformer, he was also a great patriot. It would be fair to say that with him religious reform was a mere means to national reform.' અર્થાત્ 'દયાનંદ માત્ર એક ધાર્મિક સુધારક જ ન હતા. તેઓ એક મહાન દેશભક્ત પણ હતા. એમ કહેવું વધારે યોગ્ય રહેશે કે, તેમના માટે ધાર્મિક સુધારણા વાસ્તવમાં રાષ્ટ્રીય સુધારણાનો એક ઉપાય હતો.' મિ.બ્લન્ટે બહુ જ મુદ્દાની વાત કહી છે; કારણ કે દયાનંદે જે પાખંડોનું તથા પરસ્પર વિરોધી માન્યતા ધરાવતા મત-પંથ-સંપ્રદાયોનું ખંડન કર્યું છે, તે રાષ્ટ્રહિતને ધ્યાનમાં લઈને જ કર્યું છે. દયાનંદે સ્વયં લખ્યું છે : **'પરસ્પર એકતા, મેળમિલાપ કે સદ્ભાવ ન રહી ઈર્ષ્યા, દ્વેષ, વિરોધ અને લડાઈ-ઝઘડા જ થશે...જો આવાં પાખંડો ન હોત તો આર્યાવર્તની દુર્દશા ન થઈ હોત.'** દયાનંદે સૌથી વધારે ખંડન મૂર્તિપૂજાનું કર્યું છે.

સત્યાર્થપ્રકાશના ૧૧મા સમુલ્લાસમાં તેમણે મૂર્તિપૂજાથી થતી ૧૬ હાનિઓનો ઉલ્લેખ કર્યો છે, જેમાંની મોટાભાગની હાનિઓનો સંબંધ દેશને થતી હાનિઓ સાથે છે. તેમણે લખ્યું છે : **'વિવિધ પ્રકારની વિરુદ્ધ સ્વરૂપ, નામ અને ચારિત્ર ધરાવતી મૂર્તિઓના પૂજારીઓનો ઐક્ય મત નાશ પામે છે અને તેઓ પરસ્પર વિરુદ્ધ મતમાં ચાલી આપસમાં ફૂટ વધારી દેશનો વિનાશ નોતરે છે...મૂર્તિના ભરોસે શત્રુનો પરાજય અને પોતાનો વિજય માની બેસે છે. તેથી ઊલટો પોતાનો પરાજય થઈ રાજ્ય, સ્વતંત્રતા અને ધન-સંપત્તિનું સુખ શત્રુઓને આધીન થાય છે...શા માટે પથ્થરોની પૂજા કરીને સત્યાનાશને પ્રાપ્ત થયા ? જેટલી મૂર્તિઓ છે તેટલા શૂરવીરોની પૂજા કરી હોત તોપણ કેટલી રક્ષા થાત ?'**

રાષ્ટ્રના ઉત્થાન માટે એકતા હોવી અનિવાર્ય છે. સત્યાર્થપ્રકાશમાં દયાનંદે અનેક સ્થાને એકતા પર ભાર મૂક્યો છે. તેમણે લખ્યું છે : **'જ્યાં સુધી એક મત, એક હાનિ-લાભ, એક સુખ-દુઃખ ન માનીએ, ત્યાં સુધી ઉન્નતિ થવી કઠિન છે...જ્યાં સુધી સંસારમાં એક મત હતો, તે એક જ મતમાં સૌની નિષ્ઠા હતી અને એકબીજાનાં સુખ-દુઃખ, હાનિ-લાભ પરસ્પરમાં સમાન સમજતા હતા, ત્યાં સુધી સુખ હતું.'** પરંતુ સ્વામીજીના મંતવ્ય અનુસાર : **'ભિન્ન-ભિન્ન ભાષા, પૃથક્-પૃથક્ શિક્ષા અને અલગ-અલગ વ્યવહારનો વિરોધ છૂટવો અતિ દુષ્કર છે; અને એ છૂટ્યા વિના પરસ્પરનો પૂરો ઉપકાર અને અભિપ્રાય સિદ્ધ થવો કઠિન છે.'** એકતા સંમેલનો સમજૂતીનો આધાર તો બની શકે છે, પરંતુ એકતાનો આધાર બની શકતાં નથી. સમજૂતીથી ભલે વર્તમાન સમસ્યાનું સમાધાન થઈ જતું હોય, પરંતુ તેમાં સ્થાયિત્વ નથી હોતું. આથી આવી સમજૂતીના આધારે જે ઉપાયો કરવામાં આવે છે, તેનાથી રોગને થોડા સમય પૂરતો દબાવી તો શકાય છે, પરંતુ તેનાથી રોગનો જડમૂળથી નાશ થઈ શકતો નથી. એટલું જ નહીં, પરંતુ આગળ જતાં એ રોગ પહેલાં કરતાં પણ ભયંકર રૂપ ધારણ કરી લેતો હોય છે.

એક દિવસ મોહનલાલ વિષ્ણુલાલ પંડ્યાએ સ્વામીજીને પૂછ્યું : 'સ્વામીજી, ભારતનું પૂર્ણ હિત ક્યારે થશે ? રાષ્ટ્ર ઉન્નત ક્યારે બનશે ?' સ્વામીજીએ ઉત્તર આપ્યો : **'એક ધર્મ, એક ભાષા અને એક લક્ષ્ય બનાવ્યા**

વિના ભારતનું પૂર્ણ હિત અને રાષ્ટ્રીય ઉન્નતિ થવાં મુશ્કેલ છે. સર્વ પ્રકારની ઉન્નતિઓનું કેન્દ્રસ્થાન ઐક્ય છે. જ્યાં ભાષા, ભાવ અને ભાવનામાં એકતા આવી જાય છે, ત્યાં સાગરમાં નદીઓની જેમ એક-એક કરીને સઘળાં સુખો પ્રવેશ કરવા લાગે છે. હું ઈચ્છું છું કે દેશના રાજા-મહારાજાઓ પોતપોતાના શાસનમાં સુધારણા - સંશોધન કરે. પોતાના રાજ્યમાં ધર્મ, ભાષા અને ભાવોમાં એકતા પ્રસ્થાપિત કરે. આમ કરવાથી દેશભરમાં આપોઆપ સુધાર થઈ જશે.'

: ૩ :

આજથી લગભગ ૮૦ વર્ષ પહેલાં ગાંધીજીએ સ્વદેશી માટે આંદોલન ચલાવ્યું હતું. એ આંદોલન સ્વદેશી વસ્ત્રો અને ખાદી પૂરતું મર્યાદિત હતું. હાલમાં ફરીથી એ પ્રકારના આંદોલનનો સૂત્રપાત થયો છે, જેનું લક્ષ્ય ભારતમાં વિદેશી કે અર્ધવિદેશી કંપનીઓ દ્વારા નિર્મિત ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવો બતાવવામાં આવે છે.

દયાનંદે તેમના સમયમાં દેશની આર્થિક સમસ્યાઓ પર ગંભીરતાપૂર્વક વિચાર કર્યો હતો. તેમણે કેવળ વિચાર જ નહોતો કર્યો, બલ્કે નિશ્ચિત યોજના પણ ઘડી હતી અને એ અંગે તેમણે વિદેશમાં પત્રવ્યવહાર પણ કર્યો હતો. દૈવસંયોગે તેમને પોતાની આ યોજનાને હકીકતમાં બદલવાની તક ન મળી. વિદેશી માલની ખપતથી દેશને કેટલું મોટું નુકસાન થઈ રહ્યું છે, તે વાત તેઓ ગહન પીડા સાથે અનુભવતા હતા. સત્યાર્થપ્રકાશમાં તેમણે લખ્યું છે : **'જ્યારે સ્વદેશી લોકો ફક્ત સ્વદેશમાં જ વ્યવહાર કરે અને વિદેશી લોકો આપણા દેશમાં આવીને વ્યવહાર કે રાજ્ય કરે, ત્યારે ગરીબાઈ અને દુઃખ સિવાય બીજું કાંઈ પણ હાંસલ થઈ શકતું નથી.'** (સમુલ્લાસ : ૧૦) દેશની આર્થિક સ્થિતિ સુધારવા માટે વિદેશી વસ્તુઓ તેમ જ વિદેશી રહેણીકરણીનો બહિષ્કાર કરવાની અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાની પ્રેરણા આપતાં તેમણે અત્યંત મર્મભેદી શબ્દોમાં કહ્યું : **'જુઓ ! (અંગ્રેજ લોકો) પોતાના દેશના બનેલા જોડાને ઑફિસ - કચેરીમાં જવા દે છે, આ દેશી જોડાને નહીં. એટલામાં જ સમજી લો કે જેટલું માન અને પ્રતિષ્ઠા તેઓ પોતાના દેશના બનેલા જોડાનું કરે છે, એટલું તેઓ**

બીજા દેશના મનુષ્યોનું પણ નથી કરતા. જુઓ ! આ યુરોપિયનોને ભારતમાં આવ્યાને લગભગ સો વર્ષ કરતાંય વધારે સમય થઈ ગયો છે, પરંતુ તે લોકો હજુ સુધી એવાં જ જોડા, કપડાં વગેરે પહેરે છે, જેવાં પોતાના દેશમાં પહેરતા હતા. પરંતુ તેઓએ પોતાના દેશનું ચાલચલણ નથી છોડ્યું. અને તમારામાંથી ઘણા લોકોએ એ લોકોનું ખોટું અનુકરણ કરી લીધું. આથી તમે લોકો નિર્બુદ્ધિ અને એ લોકો બુદ્ધિમાન ઠરે છે. અનુકરણ કરવું એ કોઈ બુદ્ધિમાનનું કામ નથી. અને એ લોકો જે-જે કામ પર રહે છે તેને યથોચિત કરે છે, આજ્ઞાનું બરાબર પાલન કરે છે. પોતાના દેશવાસીઓને વ્યાપાર વગેરેમાં મદદ કરે છે. આવા-આવા ગુણો અને ઉત્તમ કાર્યોને લીધે એ લોકોની ઉન્નતિ થાય છે.' (સમુલ્લાસ : ૧૦) 'જેટલું માન અને પ્રતિષ્ઠા તેઓ પોતાના દેશના બનેલા જોડાનું કરે છે, એટલું તેઓ બીજા દેશના મનુષ્યોનું પણ નથી કરતા' આવું જેણે લખ્યું છે, તે વ્યક્તિના હૃદયમાં પોતાના દેશની દીન-હીન દશા જોઈને કેટલી પીડા અને વિદેશી શાસકો તથા વિદેશી વસ્તુઓના પ્રયોગ પ્રત્યે કેટલી તીવ્ર ઘૃણા રહી હશે ! છલેસર નિવાસી ઠાકુર ઊધોસિંહને વિદેશી વેશભૂષામાં જોઈને તેમણે બહુ જ માર્મિક શબ્દોમાં ટકોર કરતાં કહ્યું હતું : **'વિદેશી કાપડમાંથી બનાવેલા આ નવા પહેરવેશથી સુશોભિત થઈ શું તમે તમારા પિતાજી કરતાંય વધારે સુસંસ્કૃત થઈ ગયા છો ?'** (શ્રીમદ્દયાનંદપ્રકાશ)

સ્વામીજીની પ્રેરણાથી પ્રભાવિત થઈ બહુ મોટી સંખ્યામાં આર્યસમાજીઓ સ્વદેશી વસ્ત્રોનો પ્રયોગ કરવા લાગ્યા હતા. લાહોર આર્યસમાજના સભાસદો દ્વારા અંગ્રેજી વસ્ત્રોનો પ્રયોગ ન કરવાના તથા સ્વદેશી વસ્ત્રોનો જ પ્રયોગ કરવાના નિર્ણયના સમાચાર 'સ્ટેટ્સમેન' (Statesman)ના ૧૪ ઑગસ્ટ, ૧૮૭૯ના અંકમાં આ મુજબ પ્રકાશિત થયા હતા : "The present condition of India is one of rapidly increasing impoverishment. In this condition of the country, there is no public question of such high importance and absorbing interest as the question of the revival of our trades and industries. The actions of the members of Lahore

Arya Samaj, founded by the learned Pandit Dayananda Saraswati should, therefore, be hailed with satisfaction by those who have the interest and welfare of this country at heart. They resolved at a meeting held at the premises of the Arya Samaj building to abstain from the use of English clothes. Henceforward they will stick to the clothes manufactured solely in India. If they can fulfill their promises, and others follow their example, a great object will be gained. This is the only way by which the influence of Manchester can be counteracted in the Indian market."

અર્થાત્ "ભારતની વર્તમાન દશા ઝડપથી વધતી જતી ગરીબાઈની છે. દેશની આવી અવસ્થામાં આપણા ધંધા-ઉદ્યોગોના પુનરુત્થાનના પ્રશ્ન જેટલો મહત્ત્વપૂર્ણ અને અત્યંત રોચક સામાજિક પ્રશ્ન બીજો કોઈ નથી. આથી જે કોઈના હૃદયમાં રાષ્ટ્રહિતની ભાવના છે, તે સૌએ વિદ્વાન પંડિત દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપિત લાહોર આર્યસમાજના સદસ્યોએ ઉઠાવેલા કદમનું સંતોષ સાથે અભિનંદન કરવું જોઈએ. આર્યસમાજમાં આયોજિત બેઠકમાં આર્યસમાજીઓએ અંગ્રેજી વસ્ત્રોના પ્રયોગથી દૂર રહેવાનો નિશ્ચય જાહેર કર્યો છે. આજ પછી તેઓ ફક્ત ભારતમાં નિર્મિત થયેલાં વસ્ત્રોનો જ પ્રયોગ કરશે. જો આ લોકો પોતાના નિશ્ચયનું પાલન કરશે અને બીજા લોકો પણ તેમનું અનુકરણ કરશે, તો એક મહાન લક્ષ્યની પૂર્તિ થઈ શકશે. ભારતની બજારમાં માંચેસ્ટરના પ્રભાવનો જવાબ આપવાનો આ જ એકમાત્ર ઉપાય છે."

અંતમાં હું સ્વામી દયાનંદના સમકાલીન 'ભારતેન્દુ' હરિશ્ચંદ્રની એક પંક્તિ આપ સૌને યાદ અપાવું છું :

જિસકો ન નિજ ગૌરવ તથા નિજ દેશ કા અભિમાન હૈ,
વહ નર નહીં નરપશુ નિરા હૈ ઔર મૃતક સમાન હૈ.

• • •

● સ્વામી વિદ્યાનંદ સરસ્વતીની પ્રસિદ્ધ કૃતિઓ ●

सत्यार्थभास्कर (મહર્ષિ દયાનંદ રચિત 'સત્યાર્થપ્રકાશ'નું ૧૯૦૦ પૃષ્ઠમાં વિસ્તૃત ભાષ્ય)

भूमिकाभास्कर (મહર્ષિ દયાનંદ રચિત 'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા' નું ૧૭૦૦ પૃષ્ઠમાં વિસ્તૃત ભાષ્ય)

संस्कारभास्कर (મહર્ષિ દયાનંદ રચિત 'સંસ્કારવિધિ'નું વિસ્તૃત ભાષ્ય)

अनादि तत्त्व दर्शन

वेद मीमांसा

अध्यात्म मीमांसा

तत्त्वमसि

प्रस्थानत्रयी और अद्वैत वेदांत

आर्यों का आदि देश और उनकी सभ्यता

दिव्य ज्ञान

मैं ब्रह्म हूं

द्वैतसिद्धि

दयानंद - भारत भाग्य विधाता

मूल गीता में श्रीकृष्ण-अर्जुन संवाद

दीप्ति

आर्ष दृष्टि

स्वामी विवेकानंद के विचार

On the Vedas

Vedic Concept of God

The Brahmasutra - A new Approach

The Riddle of Life and Death

Dayananda - Architect of Modern India

લેખક-પરિચય

સ્વામી વિદ્યાનંદ સરસ્વતી વૈદિક સિદ્ધાંતોના મર્મજ્ઞ વિદ્વાન, ગંભીર ચિંતક, યશસ્વી લેખક તથા કુશળ વક્તા હતા. સંસ્કૃત વાઙ્મયના વૈદિક, જૈન અને બૌદ્ધ આચાર્યો દ્વારા સ્થાપિત સૂત્રાત્મક દર્શનશાસ્ત્રની પરંપરાનું આધુનિક કાળમાં પ્રતિનિધિત્વ કરવાનું શ્રેય સ્વામી વિદ્યાનંદજીને જાય છે. પૂર્વાશ્રમમાં પ્રિન્સિપાલ લક્ષ્મીદત્ત દીક્ષિતના નામે પ્રસિદ્ધ સ્વામીજીએ ૫૦ વર્ષો સુધી શિક્ષણ ક્ષેત્રે કાર્ય કર્યું. લગભગ ૨૦ વર્ષ સુધી તેઓ ડિગ્રી અને પોસ્ટ ગ્રેજ્યુએટ કૉલેજોના પ્રિન્સિપાલ રહ્યા અને કેટલાક સમય સુધી તેમણે ગુરુકુળ વિશ્વવિદ્યાલય વૃંદાવનના આચાર્ય પદને પણ સુશોભિત કર્યું. તેમનાં પુરુષાર્થ, યોગ્યતા અને સેવાઓની કદર રૂપે રાષ્ટ્રપતિએ તેમને પંજાબ યુનિવર્સિટીના ફેલો તરીકે પસંદ કર્યા. સ્વામીજી વર્ષો સુધી ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલયની સેનેટના અને તેની અનેક ઉચ્ચસ્તરીય સમિતિઓના સભ્ય રહ્યા. સ્વામીજીની પ્રતિપાદન શૈલીનું આગવું જ વૈશિષ્ટ્ય છે. વેદ, ઉપનિષદ્, દર્શન, સૃષ્ટિવિજ્ઞાન, ઇતિહાસ અને રાજધર્મ વગેરે વિષયો પર તેમણે સંસ્કૃત, હિંદી અને અંગ્રેજીમાં આશરે ૪૦ જેટલા મૌલિક-પ્રમાણિક-બૃહદ્ ગ્રંથોની રચના કરી છે. તેમના અનેક ગ્રંથો કેન્દ્ર તથા રાજ્ય સરકારો તેમજ વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત થયેલ છે. સ્વામીજીએ મહર્ષિ દયાનંદના 'સત્યાર્થપ્રકાશ' વગેરે યુગાંતરકારી ગ્રંથો પર પ્રૌઢ વ્યાખ્યાગ્રંથો લખવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. ઉચ્ચ કોટિના અનેક વિદ્વાનોએ તથા પુરાતત્ત્વવેત્તાઓએ સ્વામીજીની વિદ્વતા અને કૃતિઓની પ્રશંસા કરી છે. પંજાબ, હરિયાણા, દિલ્હી તથા ઉ.પ્ર.ની અનેક ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે તેમનો ઘનિષ્ઠ સંબંધ રહ્યો. તેમનું સંપૂર્ણ જીવન વૈદિક ધર્મના પ્રચારકાર્ય અર્થે સમર્પિત રહ્યું. કર્મઠતા, પવિત્રતા અને વિદ્વતાની મૂર્તિ સમા આ મહાન સંન્યાસીનું ૮૮ વર્ષની વયે ૨૦૦૩માં દિલ્હીમાં નિધન થયું.

મુખ્ય વિતરક

રણસિંહ આર્ય

દ્વારા ડૉ. સદ્‌ગુણા આર્યા

'સમ્યક્', ગાંધીગ્રામ, જૂનાગઢ-૩૬૨ ૦૦૧.

પ્રાપ્તિ સ્થાન : ગુજરાતભરની પ્રતિષ્ઠિત આર્ય સમાજની શાખાઓ